
દશ વૈકાલિક સૂત્ર

# કલાપૂર્ણ સ્વાધ્યાય

૧૩



સંપાદક :
પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.



પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

|| [illegible] ||

|| श्री [illegible]-जीत-[illegible]-देवेन्द्र-[illegible]-

कलापूर्णसूरि सद्गुरुभ्यो नमः ||

૧૩

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
## (અધ્યયન ૧-૪)

❀ દિવ્યાશિષ દાતા ❀

પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

❀ શુભાશિષ દાતા ❀

પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

❀ સંપાદક ❀

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

| | | |
|---|---|---|
| પુસ્તક | | કલાપૂર્ણ સ્વાધ્યાય - ૧૩<br>શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ<br>(અધ્યયન ૧ થી [illegible]) |
| નકલ | | ૧૦૦૦ |
| મૂલ્ય | : | રૂા. 10 |
| શુભ આલંબન | : | પૂ. મુનિશ્રી અમિતયશ વિ. મ. સાહેબની વર્ધમાન તપની ૬૭ મી ઓળી તથા પૂ. મુનિશ્રી આગમયશ વિજય મ.સા. ની ૨૪-૨૫-૨૬ ઓળીની અનુમોદનાર્થે |
| મુદ્રક | : | હિતેન શાહ<br>ફોન : ૨૬૭૧ ૪૬૦૩ |


મુમુક્ષુઓએ કિંમત જ્ઞાનખાતામાં રાખીને ઉપયોગ કરવો.

# પ્રસ્તાવના

પરમાત્માના શાસનને પામ્યા પછી આપણી ધર્મ ભાવના હંમેશા માટે આગળ વધવી જોઈએ. જે આત્માને ધર્મ ગમે છે તે આત્મા પુણ્યશાળી છે. આપણને તારક એવા તીર્થંકર પરમાત્માનું શાસન મળ્યું છે, તે શાસનને આપણે ઓળખવું જોઈએ. દશવૈકાલિક સૂત્ર અને તેના અર્થો શીખવા એ બહુ જરૂરી છે. કારણ કે તે શીખેલું હશે તો જ પુણ્ય અને પાપની ઓળખાણ થઈ શકશે. આ સૂત્રમાં સાધુ જીવન કઈ રીતે જીવવું તેનો સાર આપવામાં આવ્યો છે. આ નાનકડા સ્વાધ્યાયનો સુંદર ઉપયોગ થાય અને આશાતના ન થાય તેની કાળજી રાખવી. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રેસાદિ દોષો સુધારીને વાંચવા વિનંતી.

**૨૦૬૦, જૈન ઉપાશ્રય** **મુનિ અમિતયશ વિ.**

**આ.સુ.૧૧**

**ચકાલા, અંધેરી (ઈસ્ટ)**

॥ अर्हं ॥

॥ नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

॥ नमः श्रीविजयसिद्धि-मेघ-मनोहरसूरीशगुरुवरेभ्यः ॥

શ્રુતકેવલિ-શ્રીશય્યંભવસૂરીશ્વરસંદબ્ધં

# શ્રી દશવૈકાલિક-સૂત્રં સાર્થમ્

(પંચમકાળે પૂ. સાધુ-સાધ્વીઓ માટે આ સૂત્ર સમાધિનો કુંડ છે. એમાં શબ્દે શબ્દે આત્મસુખનાં ઝરણાં વહે છે. એમાં જીવમાત્રના કલ્યાણનું શુદ્ધ અને સર્વશ્રેષ્ઠ માર્ગદર્શન છે.)

## • પહેલું દ્રુમપુષ્પિકા અધ્યયન •

(१) धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥ १ ॥

अहिंसा संजमो तवो = અહિંસા, સંયમ અને તપ, (એ ત્રણના સહયોગરૂપ) धम्मो = ધર્મ उक्किट्ठं = ઉત્કૃષ્ટ मंगलं = મંગલ સ્વરૂપ છે. धम्मे = આ ધર્મમાં सया = હંમેશાં जस्स = જેનું

मणो = મન વર્તે છે, तं = તેને देवा वि = દેવો પણ नमंसंति = નમસ્કાર કરે છે. (૧)

વસ્તુતઃ અહિંસા એ જ પરમ ધર્મ છે. તેની સિદ્ધિ આ ગ્રન્થમાં કહેલા સંયમના પાલનથી થાય છે અને એ સંયમની સિદ્ધિનો આધાર બાર પ્રકારનો (બાહ્ય-અભ્યન્તર) તપ છે. એમ તપથી સંયમની અને સંયમથી અહિંસાની સિદ્ધિ થાય છે. ત્રણેનો પરસ્પર સાધ્ય-સાધનભાવ સંબંધ છે. અહીં સાધનમાં સાધ્યનો ઉપચાર કરીને સંયમને અને તપને પણ ધર્મ કહ્યો છે. આ ધર્મ મહામંગળસ્વરૂપ હોવાથી સર્વ-વિઘ્નો એનાથી નાશ થાય છે. તેની આરાધના મનુષ્યો અને તેમાં પણ સાધુઓ જ પૂર્ણતયા કરી શકે છે. દેવો અચિન્ત્યશક્તિવાળા છતાં અહિંસા, સંયમ અને તપ કરવા અસમર્થ છે, માટે દેવો પણ આ ધર્મના આરાધકને નમે છે. ગ્રન્થમાં ધર્મની સ્તુતિરૂપ આ આદિ મંગળ સમજવું. ૧.

આવા ધર્મની સિદ્ધિ માટે આહારાદિપિંડ નિર્દોષ

(અહિંસક) જોઈએ, માટે તેને મેળવવાનો વિધિ કહે છે કે-

( २ ) जहा दुमस्स पुप्फेसु, भमरो आ वियइ रसं ।
णय पुप्फ किलामेइ, सो अ पीणेइ अप्पयं ॥ १-२ ॥

( ३ ) एमेए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥ १-३ ॥

जहा = જેમ दुमस्स = વૃક્ષનાં पुप्फेसु = પુષ્પોમાં भमरो = ભમરો (થોડા થોડા) रसं = રસને (મકરંદને) आवियइ = ચૂસે (પીવે) છે, य = અને पुप्फं = પુષ્પને ण किलामेइ = પીડા (કીલામણા) કરતો નથી, अ = તથા सो = તે ભમરો अपप्यं = પોતાને पीणेइ = તૃપ્ત કરે છે. (૨) एमेए = તે રીતે मुत्ता = (બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી) મુક્ત થએલા जे समणा = જે શ્રમણો (તપસ્વી) એવા साहुणो = સાધુઓ लोए = આ લોકમાં संति = છે, તેઓ पुप्फेसु = પુષ્પોમાં विहंगमा व = ભમરો રસ ચૂસે છે, તેમ दाण = ગૃહસ્થ આપે તે भत्त =

આહાર-પાણી આદિની एसणे = એષણા સમિતિમાં (દોષ ટાળવામાં) रया = રક્ત હોય છે. (૩)

ભમરો જેમ પીડા ઉપજાવ્યા વિના અલ્પ અલ્પ રસ જુદાં જુદાં પુષ્પોમાંથી ચૂસે છે, તેમ સાધુઓને આહાર પાણી આદિ વસ્તુ અનેક ઘરોમાં ફરીને અલ્પ અલ્પ લઈ નિર્વાહ કરવા કહ્યું છે. તે પણ ગૃહસ્થની ભાવના અને દ્રવ્યસંપત્તિને અનુસરીને, તેને અસદ્ભાવ ન થાય તે રીતે-તેટલું તેણે પોતાને અર્થે તૈયાર કરેલું અને સંયમમાં કલ્પે તેવું લેવું જોઈએ. એ ત્યારે બની શકે કે સાધુ તપસ્વી હોય, ઉપરાંત ત્રણ વેદ, હાસ્યાદિ છ, મિથ્યાત્વ અને ક્રોધાદિ ચારે કષાયોરૂપ ચૌદ અભ્યંતર તથા ધન-ધાન્યાદિ નવવિધ બાહ્ય પરિગ્રહની (મૂર્છા) રહિત હોય. માટે અહીં શ્રમણ અને મુક્ત બે વિશેષણો આપ્યાં છે.

આહારની પવિત્રતા વિના લોહીની અને લોહીની પવિત્રતા વિના મન-વચન-કાયાના યોગોની શુદ્ધિ થવી દુઃસંભવિત છે. કહ્યું છે કે 'આહાર તેવો

ઓડકાર', આહારશુદ્ધિ એ સંયમમાં શુદ્ધિ અને વૃદ્ધિનું મુખ્ય કારણ છે. એ હેતુથી આઠ પ્રવચનમાતાઓમાં પણ 'એષણા' નામની એક સમિતિ કહેલી છે. આહાર, આહારને આપનાર અને લેનાર, વગેરે જેટલા પ્રમાણમાં નિર્દોષ હોય, તેટલો તે આહાર ઉપકાર કરે છે. એ કારણે ૪૨ દોષ ટાળીને આહાર લેવાનું અને વાપરતાં પાંચ દોષોને ટાળવાનું શાસ્ત્રીય વિધાન છે. શ્રદ્ધા અને જ્ઞાન બન્નેનું ફળ ચારિત્ર છે અને ચારિત્રનો આધાર આહાર ઉપર છે. એ કારણે જ ગૃહસ્થને ન્યાયોપાર્જિત વૈભવનું અને સાધુને નિર્દોષ આહાર લેવાનું અતિ આવશ્યક વિધાન છે. ૨-૩.

**ઉત્તમ સાધુઓ સદૈવ કેવું ધ્યાન કરે ? તે કહે છે કે-**

(૪) **वयं च वित्तिं लब्भामो, न य कोइ उवहम्मई ।**
**अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥ १-४ ॥**

**जहा** = જેમ **भमरा** = ભમરાઓ **अहागडेसु** = યથાકૃત (પોતાના ઉદ્દેશ વિના ઉગેલાં) **पुप्फेसु** =

પુષ્પોમાં (રસ ચૂસીને) તૃપ્ત થાય છે, તેમ वयं = અમે च = પણ (યથાકૃત એટલે ગૃહસ્થે અમારા ઉદ્દેશથી નહિ કરેલાં, નહિ કરાવેલાં અને અનુમત્તિ નહિ આપેલાં, કિન્તુ સ્વપ્રયોજને તૈયાર કરેલાં-કરાવેલાં આહારાદિ મેળવવારૂપ वित्ति = વૃત્તિને (આજીવિકાને) लब्भामो = મેળવીએ, य = અને कोई = કોઈ न उवहम्मई = દુઃખી ન થાય. (૪)

ગૃહસ્થે સાધુને માટે નિર્જીવ કરેલાં, ખરીદેલાં કે પકાવેલાં આહારાદિ લેવાથી તેમાં થયેલી હિંસાદિની અનુમોદનાનો દોષ સાધુને લાગે અને તેને આપતાં દુઃખ-નારાજી થાય. તો ગૃહસ્થને મોહનીયકર્મનો બંધ થવાથી બોધી દુર્લભ થાય. પરિણામે ધર્મનો દ્વેષી થાય એથી તેનું ભવભ્રમણ વધવારૂપ જન્મ-મરણ થવાથી મોટી હિંસા થાય અને તેમાં નિમિત્ત બનવાથી સાધુને પણ તેનું મોહનીયકર્મ બંધાય. પરિણામે ધર્મની અને સંયમની પ્રાપ્તિ દુર્લભ થવાથી ઘણી મોટી હાનિ થાય. એ કારણે કોઈ

અનાદર-અસદ્‌ભાવ ન કરે તે રીતે પ્રત્યેક વર્તન કરવાની ભાવના સાધુ સતત ભાવે અને તેવું વર્તન કરવા કાળજી રાખે, એ અહીં સૂચવ્યું છે. ૪.

હવે ભમરાની અપેક્ષાએ સાધુઓ કેમ ઉત્તમ છે ? તે કહે છે-

(५) **महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिआ ।**
**नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो 'त्ति बेमि'**
॥ १-५ ॥

ભિક્ષા લેવામાં મુનિઓ महुगारसमा = ભ્રમર તુલ્ય (હોવા છતાં) बुद्धा = જ્ઞાની, अणिस्सिआ = પ્રતિબંધ (રાગ) વિનાના, नाणापिंडरया = વિવિધ પ્રકારનો પિંડ લેવાની વૃત્તિવાળા, અને दंता = ઇંદ્રિયોને દમન કરનારા भवंति = હોય છે, तेण = તે કારણે તે साहुगे = સાધુઓ वुच्चेति = કહેવાય છે. त्ति = એ પ્રમાણે (પ્રભુ મહાવીરે કહેલું હે મનક ! હું તને बेमि = કહું છું. (૫)

ભિક્ષા લેવામાં ભ્રમરતુલ્ય છતાં સાધુઓ

જ્ઞાની હોવાથી ભિક્ષા લેવાના લાભ વગેરેના જાણ હોય છે, ઉપરાંત કોઈ અમુક જ ઘરની, ભક્તના ઘરની, શ્રીમંત કે રાજા આદિના ઘરની ભિક્ષા લેવાની વૃત્તિવાળા હોતા નથી, કિંતુ અજાણ્યા ઘરોમાંથી લેનારા હોય છે. વળી એવી પણ એક જ જાતિની અમુક જ વસ્તુ લેનારા નહિ, પણ અભિગ્રહાદિ કરીને જે મળે તે તુચ્છ-પ્રાન્ત વસ્તુમાં સંતોષ માનનારા હોય છે અને આહાર પણ મન-ઈન્દ્રિયોના આરામ માટે નહિ, કેવળ સંયમના પોષણ માટે લે છે, તેથી તેઓને સાધુ કહેલા છે. સાધુએ તદ્રૂપ એ ગુણો પ્રગટાવવા જોઈએ. ૫.

અહીં પહેલું અધ્યયન સમાપ્ત થયું. આ અધ્યયનનું નામ 'દ્રુમપુષ્પિકા' છે, તેનું કારણ એ છે કે તેમાં દ્રુમપુષ્પ = વૃક્ષનાં ફૂલ, તેમાંથી ભ્રમરો રસ ચૂસે તે દૃષ્ટાન્તથી સાધુને ભિક્ષા લેવાનો વિધિ કહેલો છે. વસ્તુતઃ આ અધ્યયનમાં સાધુધર્મની પ્રશંસા કરી છે.

॥ પ્રથમમ્ અધ્યયનં સમાપ્તમ્ ॥

## • બીજું શ્રામણ્યપૂર્વિકા અધ્યયન •

શ્રમણપણાનું પૂર્વ કારણ ધૈર્ય છે, તેનો ઉપદેશ આ અધ્યયનમાં કરેલો હોવાથી તેનું નામ 'શ્રામણ્યપૂર્વિકા' છે.

(६) कहं नु कुज्जा सामन्नं ?, जो कामे न निवारए ।
पए पए विसीअंतो, संकप्पस्स वसंगओ ॥ २-१ ॥

जे = જે સાધુ संकप्पस्स = સંકલ્પના वसगओ = વશ થએલો (હોવાથી) पए पए = પગલે પગલે (વારંવાર-પ્રત્યેક પ્રસંગોમાં) विसीअंतो = વિષાદને (ક્લેશ-ખેદને) પામે, તે જો कामे = જડ ઈચ્છાઓને न नियारए = રોકે નહિ, તો सामन्नं = સાધુપણાને कहं = કેવી રીતે कुज्जा = કરે ? (શી રીતે પાળે ?) (૧)

જીવને અનાદિ ઈચ્છાઓનો અંત આવતો નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ઈચ્છાઓને આકાશની ઉપમા આપી છે. જેમ આકાશનો છેડો નથી તેમ ઈચ્છાઓનો અંત આવતો જ નથી. આ જડ

ઈચ્છાઓને આત્મગુણો પ્રગટ કરવામાં વાળવી એ સાધુપણું છે. સાધુ બનવા છતાં જો વિવિધ સંકલ્પો - ઈચ્છાઓ થાય તો સ્થાને સ્થાને ચિત્તમાં વિષાદ-ખેદ-સંતાપ કરીને ચિત્ત ઉદ્વિગ્ન બની જાય. જો તે મનને જડ ભાવોમાંથી રોકી સંયમમાં ન વાળે, તો સાધુ ધર્મની પ્રાપ્તિ-રક્ષા કે વૃદ્ધિ શી રીતે કરી શકે ? એમ અહીં તર્કરૂપે શિષ્યને પ્રશ્ન કરવામાં આવ્યો છે. ૧.

**હવે સાધુનું કર્તવ્ય જણાવવા માટે સાધુની વ્યાખ્યા કરે છે.**

**(૭) वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि अ (य) ।**
**अच्छंदा जे न भुंजंति, न से चाइ त्ति वुच्चइ ॥ २-२ ॥**

**(८) जे अ कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वई ।**
**साहीणे चयई भोए, से हु चाइ त्ति वुच्चइ ॥ २-३ ॥**

वत्थ = વસ્ત્રો, गंधं = (સુગંધિ ચૂર્ણાદિ) ગન્ધદ્રવ્યો, अलंकार = આભરણો-અલંકારો इत्थीओ = સ્ત્રીઓ (સ્ત્રીની અપેક્ષાએ પુરુષો) अ =

અને सयणाणि = શયનો (પલંગાદિ), તથા ઉપલક્ષણથી ખુરશી ટેબલ પાટ પાટલાદિ આસનો, એ સઘળું जे = જેઓ अच्छंदा = પરાધીનપણે (એટલે નહિ મળવાથી, કે મળવા છતાં રોગાદિની પરાધીનતાથી) न भुंजंति = ભોગવી શકતા નથી. से = તેઓ चाइ त्ति = ત્યાગી તરીકે न वुच्चइ = કહેવાતા નથી. (૨) કિન્તુ जे = જે कंते = મનોહર अ = અને पिए = પ્રિય એવા लद्धे वि भोए = મળેલા-સ્વાધીન પણ ભોગોને पिट्ठि कुव्वइ = પીઠ કરે છે (સામે જોતો નથી-તજી દે છે) અર્થાત્ साहीणे = સ્વાધીનપણે (ભોગવી શકે તેમ છતાં) भोए = ભોગોને चयई = તજે છે. से = તે हु = નિશ્ચે ત્યાગી કહેવાય છે. (૩)

ત્યાગ અને વૈરાગ્ય બે ભિન્ન છે, વૈરાગ્ય સાધ્ય છે અને ત્યાગ સાધન છે. જડના રાગની મંદતા થવી એને વૈરાગ્ય કહેવાય છે. તેની સિદ્ધિ માટે રાગના કારણભૂત જડ પદાર્થોનો ત્યાગ કરવો

જરૂરી છે. ત્યાગ કરવા છતાં રાગ ન તૂટે તો (વૈરાગ્યરૂપ) સાધુપણાની સિદ્ધિ થતી નથી. એ કારણે આ બે ગાથાઓમાં રાગ-ઈચ્છાને તજવા પ્રેરણારૂપે એમ કહ્યું છે કે જે પરાધીનપણે ભોગનો ત્યાગ કરે છે, પણ તેના રાગને તજી શકતો નથી તે સાધુ કહેવાતો નથી. સમજપૂર્વક જે સ્વાધીન, સુંદર અને પ્રિય પણ પદાર્થોને તજે છે, તે રાગને તજવાથી સાધુ કહેવાય છે.

જો કે અહીં નિશ્ચયની અપેક્ષા રાખીને ઈચ્છાઓના ત્યાગને સાધુપણું કહ્યું છે, તો પણ ઈચ્છાઓનો નાશ કરવા માટે જે પ્રાપ્ત નહિ થએલી વસ્તુઓનો પણ ત્યાગ કરે તે વ્યવહાર નયથી સાધુ કહેવાય છે. પરાધીનપણે, કે નહિ મળેલી વસ્તુઓનો ત્યાગ પણ ધીમે ધીમે પ્રાપ્ત-સ્વાધીન પદાર્થોની ઈચ્છાઓનો નાશ કરાવે છે. અપ્રાપ્ત ભોગોનો પણ ત્યાગ આત્માના સત્ત્વ વિના થતો નથી. હા, પ્રાપ્ત સ્વાધીન ભોગોનો પણ ત્યાગ

કરવાનું તેમાં ધ્યેય હોવું જોઈએ. એ ધ્યેય સિદ્ધ થયા પછી તે યથાર્થ સાધુ બને છે. ત્યાં સુધી સાધક કહેવાય છે. ત્યાગના ધ્યેય વિનાનો ત્યાગ તો માત્ર કાયક્લેશ બને છે.

દરિદ્રમાં દરિદ્ર પણ દીક્ષા લેતાં અગ્નિ, સચિત્ત જળ અને સ્ત્રીના સ્પર્શનો જે ત્યાગ કરે છે, એ ત્રણની કિંમત ક્રોડો રત્ન-સોનૈયા અને રૂપીયા જેટલી છે, એ મંત્રીશ્વર અભયકુમારે રાજગૃહનગરની પ્રજાને પૂરવાર કરી જણાવ્યું હતું. દરિદ્રશિરોમણી કઠીયારો પણ દીક્ષા લઈને પરિણામે ભોગોની ઈચ્છાઓનો પણ ત્યાગ કરી શક્યો હતો. માટે અપ્રાપ્ત ભોગોનો ત્યાગ કરનાર પણ વ્યવહારથી સાધુ ગણાય છે. હા, તેનું ધ્યેય વૈરાગ્યનું જોઈએ, તે ન હોય તો ભોગોને તજવા છતાં સાધુ ન કહેવાય. ૨-૩

હવે કોઈને તજેલા ભોગોની પુનઃ ઈચ્છા થાય તો ચિત્તને શાન્ત કરવા માટે અભ્યન્તર-બાહ્ય ઉપાયો કહે છે.

(९) समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो निस्सरई बहिद्धा ।
न सा महं नो वि अहंपि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं
॥ २-४ ॥

(१०) आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमिअं खु दुक्खं ।
छिंदाहि दोसं विणइज्ज रागं, एवं सुही होहिसि संपराए
॥ २-५ ॥

समाइ = શુભાશુભમાં સમાન, વિરાગવાળી, અથવા સ્વ-પરમાં સમાન, એવી पेहाइ = દૃષ્ટિથી परिव्वयंतो = વર્તન કરતા-સંયમનું રક્ષણ કરતા સાધુને सिया = કદાચિત્ (કર્મોદયનું બળ અચિંત્ય હોવાથી તેવા કોઈ નિમિત્તને પામીને) मणो = મન वहिद्धा = (સંયમરૂપ ઘરની) બહાર निस्सरई = નીકળે, અર્થાત્ અસંયમની ઈચ્છા થાય, તો તેણે એમ ચિંતવવું કે) सा = તે (ભોગસામગ્રી, તેની ઈચ્છા, અથવા અમુક સ્ત્રી) महं = મારી न = નથી અને अहं पि = હું પણ तोसे = તેનો तो = નથી, (અર્થાત્ મારે તેને કંઈ સંબંધ નથી), इच्चेव = એ રીતે (ચિંતન

કરતો) ताओ = તેના (તે સ્ત્રીના કે ભોગસામગ્રીના) रागं = રાગને विणइज्ज = તજી દે. (૪)

બાહ્ય પ્રયત્નો કરવા માટે કહે છે કે-હે સાધુ તું સંયમરૂપ ઘરમાંથી ચિત્તને બહાર જતું રોકવા માટે आयाव याही = આતાપના લે, (ઉપલક્ષણથી ઉનોદરિતા વગેરે તપ પણ કર, અને) सोगमल्लं = સૌકુમાર્ય (સુકુમારતાને) चय = તજી દે, (કારણ કે તેનાથી કામની-ભોગની ઈચ્છા જન્મે છે. એ બાહ્ય અભ્યંતર પ્રયત્નો દ્વારા कामे = ભોગની ઈચ્છાઓને कमाही = ઓળંગી જા. (કારણ કે એ ઈચ્છાઓનું) कमिअं = આક્રમણ (કરતાં) खु = निश्चे दुक्ख = દુઃખનું આક્રમણ થશે (અવશ્ય દુઃખો ઉલ્લંઘી જવાશે, માટે સમ્યગ્ વિચાર કરીને બન્ને પ્રકારના પ્રયત્નોથી) दोष = દ્વેષને छिंदाहि = છેદી નાખ અને रागं = રાગને विणइज्ज = દૂર કરી દે एव = એમ કરવાથી તું તું संपराए = આ સંસારમાં (મુક્તિ ન થાય ત્યાં સુધી) सुही = સુખી होहिसि = થઈશ. (૫)

અનાદિ ભોગની વાસનાનું બીજ એવું સૂક્ષ્મ હોય છે કે તે નિર્મૂળ નીકળી જવા જેવું દેખાવા છતાં સામાન્ય નિમિત્ત મળતાં તેમાંથી ઈચ્છારૂપ અંકુરા ફૂટી નીકળે છે, પછી તેને રોકવા અતિદુષ્કર બને છે, માટે મુખ્ય માર્ગે તો અહીં કહ્યું તેમ પૂર્ણ વિરાગી બની સમદૃષ્ટિથી સંયમની રક્ષા કરવી. છતાં ચિત્ત ચંચળ બને તો જ્ઞાનરૂપી અંકુશ દ્વારા તેને વશ કરવું અને આતાપના તથા તપ વગેરેથી નિર્બળ બનાવવું. અન્યથા ઈચ્છાને વશ થતાં દુઃખોને વશ થવું જ પડે છે. એ જ કારણે ક્ષણવિનશ્વર જડપદાર્થોના શુભાશુભ શબ્દ, રૂપ, રસ. ગંધ, સ્પર્શ પ્રત્યેનો રાગ-દ્વેષ તજવો હિતકર છે. એમ કરવાથી સંસારમાં પણ મુક્તિસુખનો સ્વાદ ચાખી શકાય છે.

એક રાજપુત્રે કુતૂહલવૃત્તિથી પોતાની દાસીના માથે રહેલા જળપાત્ર ઉપર કાંકરો ફેંકી તેને કાણું કર્યું. તેમાંથી પાણી નીકળવા માંડ્યું. એટલે ચતુર દાસીએ વિચાર્યું કે ‘રક્ષક ભક્ષક બને ત્યાં ફરીઆદ

કોને કરવી ?' માટે સ્વયં પાણીને બચાવી લઉં, એમ વિચારી તુર્ત ભીની માટીથી છિદ્ર પૂરી નાખી પાણીની રક્ષા કરી. એમ જે મનથી સંયમની સિદ્ધિ કરવાની છે તે જ ચંચળ બને ત્યારે જ્ઞાની પુરુષે ઉપર કહેલા ઉપાયો દ્વારા સંયમની રક્ષા કરવી જોઈએ. ૪-૫.

**મન સંયમથી ચંચળ ન બને, તે માટે કહે છે કે-**

**( ११ ) पक्खंदे जलिअं जोइं, धूमकेउं दुरासयं ।**
**नेच्छिंतिवंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥ २-६ ॥**

अगंधणे कुले = અગંધન કુળમાં जाया = ઉપજેલા સર્પો (તિર્યંચ છતાં એવા અભિમાની હોય છે કે કોઈને દંશ દેવા દ્વારા) वंतयं = વમેલા વિષને પુનઃ भोत्तुं = ચૂસવા માટે नेच्छंति = ઈચ્છા પણ કરતા નથી, પણ (કોઈ ગારુડી મંત્ર દ્વારા તે વિષને ચૂસાવવા પ્રયત્ન કરે તો) दुरासयं = અતિ સપ્ન-દુઃખે બચી શકાય તેવા धूमकेउं = ધૂમાડાવાળા (સળગતા) અને जलिअं = જ્વાલાઓ સળગતી હોય તેવા जोइं = અગ્નિને पक्खंदे = ભેટવા (બળીને મરી

જવાનું) ઈચ્છે છે, કિન્તુ વમેલું વિષ પાછુ ચૂસવા ઈચ્છતા નથી. તો હું મનુષ્ય અને સાધુ છતાં જે ભોગોને વમીને (તજીને) દીક્ષિત થયો તે ભોગોની પુનઃ ઈચ્છા કેમ કરું ? એમ ચિંતન કરે. (૬)

(અહીં બીજું ઉદાહરણ કહ્યું છે કે જ્યારે રાજીમતીને તજીને શ્રી નેમકુમારે દીક્ષા લીધી ત્યારે પાછળથી રથનેમિજી રાજીમતી પ્રત્યે રાગી થયા. તેમને સમજાવવા એકદા રાજીમતીએ ખીરઘૃતનું ભોજન જમી મીંઢળના પ્રયોગથી તેનું વમન કરી રથનેમિને કહ્યું, 'આનું ભોજન કરો.' રથનેમિ બોલ્યા, 'વમેલું કેમ ખવાય ?' ત્યારે રાજીમતીએ કહ્યું, 'શ્રી નેમકુમારે વમેલી રાજીમતીને પણ કેમ ભોગવાય ?')

એ પ્રસંગને અહીં કહે છે કે-

(१२) धिरत्थु ते जसोकामी ! जो तं जीवियकारणा ।
वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥ २-७ ॥

રાજીમતીએ રથનેમિને તિરસ્કારતાં કહ્યું-હે जसो कामी = યશની ઈચ્છાવાળા ! (અથવા 'अ'

નો પ્રક્ષેપ કરતાં अजसोकामी = અપયશની ઈચ્છાવાળા હે ક્ષત્રિય !) ते धिरत्थु = તને ધિક્કાર થાઓ ! કારણ કે जो ते = જે તું (ક્ષત્રિય છતાં) जीवियकारणा = (અસંયમરૂપ) જીવનના કારણે वंतं = વમેલું आवेउं = પીવાને इच्छसि = ઈચ્છે છે. (આ રીતે કુળને કલંકિત કરવાને બદલે) ते = વ્હારે मरणं = મરી જવું सेयं = શ્રેયસ્કર भवे = થાય. અર્થાત્ કુળ કે ધર્મને કલંકિત કરીને જીવવું તે મરણથી પણ વધારે દુષ્ટ છે. (૭)

રાજીમતીએ જેમ રથનેમિને સમજાવ્યા તેમ આત્માર્થીએ ચિત્ત ઉન્માર્ગે ન ચઢી જાય તે માટે પોતાના આત્માને એ રીતે વારંવાર સમજાવવો જોઈએ. ૭.

એ રીતે રથનેમિને સમજાવીને રાજીમતીએ દીક્ષા લીધી અને રથનેમિ પણ દીક્ષિત થયા. પુનઃ એકદા વર્ષાના પાણીથી ભીંજાએલાં રાજીમતી ગિરનારની ગુફામાં અપકાયની જયણા માટે વસ્ત્ર

રહિત થયાં, ત્યારે પૂર્વે તે જ ગુફામાં ગએલા રથનેમિ તેને જોઈને કામવિવશ બન્યા. તેને રાજીમતીએ કહ્યું કે-

(१३) अहं च भोगरायस्स,तं च सि अंधगव( वि ) ण्हिणो ।
मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥ २-८ ॥

अहं = હું भोगरायस्स = ભોગરાજ-ઉગ્રસેનની (પુત્રી) છું च = અને ते = તું अंधगवण्हिणो = અંધકવૃષ્ણિ=સમુદ્રવિજય રાજાનો (પુત્ર) છે. એમ कुले = ઉત્તમ કુળમાં (જન્મેલા આપણે બન્ને વમેલા ભોગની પુનઃ ઈચ્છા કરીને) गंघणा = ગંધન કુળના નાગ જેવા તુચ્છ मा होमो = ન થઈએ, માટે निहुओ = નિભૃત થઈને (કાચબો ઈન્દ્રિયને ગોપવે તેમ ઈચ્છાને દાબીને) संजमं = સંયમને चर = આચર ! અર્થાત્ દુષ્ટ ઈચ્છાને તજી દે. (૮)

એમ કહીને પુનઃ રાજીમતીએ સમજાવ્યું કે-

(१४) जइ तं काहिसि भावं,जा जा दिच्छसि नारीओ ।
वायाविद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥ २-९ ॥

जइ तं = જો તું जा जा नारीओ = જે જે સ્ત્રીઓને दिच्छसि = દેખીશ, તે પ્રત્યેકમાં भावं काहिसि = રાગને કરીશ (તેને ભોગવવાની ઈચ્છા કરીશ) તો वायाविद्धु = પવનથી હચમચેલી-મૂળ વગરની हडोव्व = હડનામની વનસ્પતિની જેમ अट्ठिअप्पा = અસ્થિરાત્મા (સંયમથી ચલિત) भविस्ससि = થઈશ. (૯)

આઠમી ગાથામાં કુળના મહત્ત્વને જણાવીને ઉપદેશ કરતી રાજીમતીએ નવમી ગાથામાં 'જો કામવાસનાને નહિ રોકે તો સંયમથી ભ્રષ્ટ થઈશ' એમ ભય જણાવ્યો છે. સંયમગુણ ઉત્તમકુળ-ઉચ્ચગોત્રના ઉદયવાળાને સ્પર્શે છે, અને કોઈ વાર તેનું ચિત્ત ચલિત થાય તો કુળના મહત્ત્વથી બચાવી શકાય છે, આ કારણે દીક્ષાર્થી 'ઉત્તમકુળમાં જન્મેલો જોઈએ, એમ શાસ્ત્રોમાં કહેલું છે. ઉંચો હોય તેને જ પડવાનો ભય હોય છે, હીનકુલવાળાને તેવો ભય લાગતો નથી. ભયમોહનીય-કર્મના ઉદયે જીવને

'ઈહલોક ભય' વગેરે અપ્રશસ્ત ભયો હોય છે, પણ ઉત્તમ આત્માને સંયમના બળે એ ભય નબળા બની જતાં પાપનો ભય જાગે છે, એથી થોડા પણ ઉપદેશથી તે પાપથી અટકી જાય છે. બીજા અપ્રશસ્ત ભયો પાપને કરાવે છે અને પાપનો ભય મિથ્યાભયોનો નાશ કરાવે છે. ૯.

**રાજીમતીના ઉપદેશનું જે પરિણામ આવ્યું, તે કહે છે-**

**(१५) तीसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं ।**
**अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥ २-१० ॥**

संजयाइ = સંયમવતી तीसे = તે રાજીમતીના सुभासियं = સંવેગ (વૈરાગ્ય) જનક वयणं = વચનને सोच्चा = સાંભળીને जहा = જેમ अंकुसेण = અંકુશથી नागो = હાથી સન્માર્ગે આવે, શાન્ત બને તેમ सो = તે = રહનેમી धम्मे = ધર્મમાં संपडिवाइओ = સ્થિર થયા. (૧૦)

અહીં રથનેમિને હાથીની અને રાજીમતીના

ઉપદેશને અંકુશની ઉપમા આપી છે. તેમાં રહસ્ય એ છે કે હાથી પોતાના હિતસ્વી અલ્પબળવાળા પણ મહાવતના એક માત્ર અંકુશને વશ થાય છે, તે પશુ જાતિમાં તેની ઉત્તમતાને આભારી છે. તેમ ઉત્તમ મનુષ્ય હિતસ્વીનું એક સામાન્ય વચન પણ અવગણતો નથી. આવો ઉત્તમ આત્મા ગુરુની આજ્ઞાને સહેલાઈથી પાળી શકે અને ગુરુને પણ પ્રસન્નતાનું કારણ બને. ક્ષુદ્રાત્મા ગુરુને આર્ત્તધ્યાનનું નિમિત્ત બને, માટે આત્માર્થીએ પોતાની ઉત્તમતા છોડવી નહિ. એ જ કહે છે. ૧૦.

(१६) **एवं करंति संबुद्धा, पंडिआ पविअक्खणा ।**
**विणिअट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो 'त्ति बेमि'**
॥ २-११ ॥

सबुद्धा = સમ્યગ્ બુદ્ધિ (સમકિત)વાળા, વળી पंडिआ = સમ્યગ્ જ્ઞાનવાળા (સાવદ્ય-નિરવદ્યના ભેદને સમજનારા-પાપભીરુ) અને पविअक्खणा = સમ્યગ્ ચારિત્રના પાલનમાં ચતુર-

વિચક્ષણ મુનિવરો एवं करंति = એ પ્રમાણે કરે છે. શું ? તે કહે છે जहा = જેમ से = તે पुरिसुत्तमो = પુરુષોમાં ઉત્તમ રથનેમિ ભોગથી અટક્યા તેમ भोगेसु = ભોગોને વિષે विणिअट्टंति = સર્વથા નિવૃત્ત થાય છે. ભોગોને તજી દે છે. त्ति = એમ શ્રી મહાવીર દેવે કહલું હું बेमि = કહું છું. (૧૧)

અહીં બીજું અધ્યયન પૂર્ણ થયું. એમાં રથનેમિ અને રાજીમતીના દૃષ્ટાન્તથી ભોગોની ઈચ્છાને તજવારૂપ સાધુનું કર્તવ્ય જણાવવા સાથે તુચ્છભોગોની અભિલાષા તુચ્છ પુરુષને થાય છે, એમ જણાવીને ઉત્તમ પુરુષનું અ[illegible] ઉપદેશ આપ્યો છે.

જે નવા નવા આત્મગુણો પ્રગટાવવાની ઈચ્છાપૂર્વક પ્રયત્ન કરે તે ઉત્તમ, જે ગુણો વધારવની ઈચ્છા ન થાય તે પ્રમાદી મધ્યમ, જેને દોષો સેવવાની ઈચ્છા થાય તે અધમ અને જે પ્રતિજ્ઞાને તોડીને પણ દોષોને સેવે તે અધમાધમ

જાણવો. ઉત્તમતા તથા અધમતા પોતાની ઈચ્છાઓ અને પ્રવૃત્તિ દ્વારા સમજી શકાય છે. મન, વચન અને કાયા ઉપર સંયમ-અંકુશ રાખવાથી ઈચ્છાનિરોધ થાય છે, એથી ચિત્ત શાન્ત બને છે અને પરિણામે વૈરાગ્યભાવ દૃઢ થતાં આકરાં કષ્ટો વેઠવા છતાં શુદ્ધ આનંદનો સાક્ષાત્કાર થાય છે. ૧૧.

॥ બીજું અધ્યયનં સમાપ્તમ્ ॥

## • ત્રીજું ક્ષુલ્લકાચાર અધ્યયન •

બીજા અધ્યયનમાં અધૈર્યનો (દીનતાનો) ત્યાગ કર ધીરતા (સત્ત્વ) પ્રગટાવવા કહ્યું. તે ધીરતારૂપ સત્ત્વ સદાચારના પાલન માટે આવશ્યક છે-અસદાચાર સેવવા માટે નહિ. એ સદાચારો એક પ્રધાન (મોટા) અને બીજા ક્ષુલ્લક (ન્હાના) એમ બે પ્રકારના છે. અહીં ક્ષુલ્લક આચારોનું વર્ણન હોવાથી આ અધ્યયનનું ક્ષુલ્લકાચાર નામ છે. તેની પહેલી ગાથામાં સાધુની ઉત્તમતાને વર્ણવી અસદ્આચારોને તજવાનું કહે છે-

(૧૭) **संजमे सुट्ठिअप्पाणं, विप्पमुक्काण ताइणं ।**
**तेसिमेअमणाइन्नं, निग्गंथाण महेसिणं ॥ ३-१ ॥**

પૂર્વે જેનું વર્ણન કર્યું તે संजमे = સંયમમાં सुट्ठिअप्पाणं = જેઓના આત્મા સુસ્થિર છે. જે विप्पमुक्काणं = બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી મુક્ત છે, જે ताइणं = સ્વ-પર ઉભયના તારક છે. निग्गंथाण = જે ગ્રંથીથી (બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી) રહિત છે, અને તેથી જેઓ महेसिणं = મહર્ષિઓ

(મહાત્માઓ) છે, तेसिं = તેઓને एअं = આ કહીશું તે अणाइन्नं = અનાચીર્ણ એટલે નહિ આચરવા યોગ્ય છે. (૧)

અહીં 'સુસ્થિર' એટલે જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક સંયમને - જિનાજ્ઞાને પાળનારા, 'વિપ્રમુક્ત' એટલે પહેલા અ૦ની ત્રીજી ગાથાના અર્થમાં કહેલા પરિગ્રહ એટલે બાહ્ય ધનધાન્યાદિની તથા અભ્યંતર કષાયાદિની મૂર્છા-પક્ષ નહિ કરનારા, 'ત્રાતા' એટલે સ્વ-પર તારક સ્થવિરો, અને 'નિર્ગ્રન્થ' એટલે સંયમમાં જરૂરી પણ ઉપકરણાદિ અધિક પ્રમાણમાં નહિ રાખનારા,એમ સમજવું. તેઓને સદાચારોનું પાલન અનાચીર્ણના ત્યાગથી થાય માટે તે તજવાનું કહ્યું. ૧.

હવે બાવનની સંખ્યામાં તે અનાથીર્ણ ભાવોને કહે છે-

(૧૮) उद्देसिअं कीयगडं, नियागमभिहडाणि य ।
राइभत्ते सिणाणे य, गंधमल्ले य बीयणे ॥ ३-२ ॥

૧-उद्देसियं = ઔદ્દેશિકં (સાધુને ઉદ્દેશીને કર્યું હોય), ૨-कीयगडं = ક્રીતક્રીતં (સાધુને ઉદ્દેશીને ખરીદ્યું હોય), ૩-नियागम् = (મારે ઘેર નિત્ય આવવું એ પ્રમાણે આમંત્રણ કરનાર અમુકના ઘરનો પિંડ પ્રતિદિન લેવો તે) 'નિત્યપિંડ', ૪-अभिहडाणि = (સ્વગ્રામ કે પરગ્રામથી પણ દાન દેવા માટે સામે લાવેલો) 'અભ્યાસહૃતપિંડ', ૫-राइभत्ते = (દિવસે ગ્રહણ કરેલું બીજા દિવસે વાપરવું' વગેરે ચાર દોષો પૈકી એક પણ દોષ લાગે તેવું) 'રાત્રિભોજન', ૬-सिणाणे = (દેશથી કે સર્વથી) સ્નાન કરવું, (તેમાં હાથ-પગ કે આંખની પાંપણ માત્ર પણ ધોવી તે દેશસ્નાન કહેવાય, સર્વસ્નાન પ્રસિદ્ધ છે) ૭-गंध = (ચંદનાદિનાં) સુગંધિ ચૂર્ણો, તેલ, અત્તરો ઈત્યાદિ સુંઘવું. ૮-मल्ले = (સુકોમળ સ્પર્શની ઈચ્છાએ ગુંથેલા કે નહિ ગુંથેલાં) પુષ્પોનો ઉપભોગ કરવો, ૯-वीयणे = વીંજણો (કે બીજા કોઈ પણ સાધનથી પવનનો

ઉપભોગ કરવો.) (૨)

ઔદ્દેશિકમાં જીવહિંસા, ક્રીતક્રીતમાં ગૃહસ્થે પાપથી મેળવેલા ધનનો પોતાને માટે વ્યય થવાથી પાપની અનુમોદના. નિયાગમાં ગૃહસ્થનો અને અમુકવસ્તુનો રાગ-પ્રતિબંધ. અભ્યાહૃતમાં આવવા વગેરેથી ઈર્યાસમિતિનો ભંગ, અનુમોદના અને પાત્ર ખરડવાદિ વિવિધ દોષ. રાત્રિભોજનમાં સંનિધિદોષ ઉપરાંત રાત્રિભોજનનું પાપ. સ્નાન, ગંધ, પુષ્પો તથા વીંજણામાં અનુક્રમે સ્પર્શ-ગંધ વગેરેનો પ્રતિબંધ (રાગ) થવા સાથે કામ વિકારનો ઉપદ્રવ, એમ પ્રત્યેકનું અનાચીર્ણપણું યથામતિ વિચારવું. અનાચીર્ણને આચરવાથી સંયમ દૂષિત થાય અને જ્ઞાનાદિ ગુણો હણાય. ૨.

**(૧૧) संनिही गिहिमत्ते अ, रायपिंडे किमिच्छए ।**
**संवाहणा दंतपहोयणा अ, संपुच्छणा देहपलोयणा य**
**॥ ३-३ ॥**

૧૦-संनिही = (ઘી-ગોળ ઈત્યાદિનો) સંચય

(સંગ્રહ) કરવો. ૧૧-गिहिमत्ते = ગૃહસ્થનાં ભાજનો વાપરવા, ૧૨-रायपिंडे = રાજાની માલિકીવાળો પિંડ લેવો, ૧૩-किमिच्छए = 'શું જોઈએ છે ?' (એમ પૂછીને ઈચ્છિત વસ્તુ આપનાર રાજા કે ગૃહસ્થ કોઈનો પણ પિંડ લેવો, ૧૪-संवाहणा = (હાડ, માંસ, ચામડી કે રોમરાજી, એ ચારેના કે કોઈ એક બે આદિના સુખ માટે) શરીરના અવયવો દબાવવા-મસળાવવા-ચાંપવા-ચંપાવવા વગેરે ૧૫-दंतपहोयणा = (અંગુલી કે બીજા કોઈ પણ સાધનથી) દાંત-મુખ આદિનું પ્રક્ષાલન કરવું, ૧૬-संपुच्छणा = (ગૃહસ્થને સાવદ્ય પાપ બંધાય તેવું કે પોતાના મહત્ત્વને માટે 'હું કેવો છું' વગેરે) પૂછવું, ૧૭-देहपलोयणा = આરિસાદિમાં મુખ શરીરાદિ જોવાં. એ સર્વ અનાચીર્ણ છે. (૩)

એમાં સંનિધિથી પરિગ્રહ. ગૃહસ્થભાજનથી તે ચોરાઈ જવાનો કે ગૃહસ્થને અપ્રીતિ આદિ થવાનો ભય વગેરે વિવિધ દોષો. રાજપિંડથી

રસનેન્દ્રિયનું પોષણ, લોકમાં લઘુતા, અપશુકનબુદ્ધિથી સામન્તાદિને ક્રોધ થવાનો સંભવ ઈત્યાદિ. કિમિચ્છકથી આધાકર્મિકાદિ દોષ. સંવાહનથી સુખશીલપણું, પ્રમાદ ઈત્યાદિ. દંતપ્રધાવનથી બાહ્ય શૌચનો પ્રતિબંધ. હિંસાદિ સંપ્રશ્નથી સાવદ્યમાં પ્રવૃત્તિ-અનુમોદના કે અભિમાનાદિ. દેહપ્રલોકનથી શરીરનો રાગ-મોહાદિ થવાનો સંભવ ઈત્યાદિ બીજા પણ વિવિધ દોષો સ્વમતિ અનુસારે વિચારવા. ૩.

**(૨૦) अट्ठावए अ नालीए, छत्तस्स य धारणट्ठाए ।**
**तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणओ ॥ ३-४ ॥**

૧૮-अट्ठावए = જુગાર (દ્યૂત) રમવું, અથવા (ગૃહસ્થને અર્થ મેળવવાનાં) અર્થશાસ્ત્રીય નિમિત્તો કહેવા, ૧૯-नालीए = દ્યૂતમાં વિજય માટે નાલિકાનો પ્રયોગ કરવો, અથવા ઉપલક્ષણથી કોઈ પણ પ્રકારનું દ્યૂત રમવું, ૨૦-छत्तस्स धारणट्ठाए = પોતાને કે બીજાને (ગ્લાનત્વાદિ આગાઢ કારણ વિના) છત્ર

ધરવું, ૨૧-तेगिच्छं = (રોગના પ્રતિકાર માટે) ઔષધ લેવું, ૨૨- पाहणा पाए = (આપત્તિ પ્રસંગ વિના) પગમાં પગરખાં પહેરવાં અને ૨૩-जोइणो समारंभं = અગ્નિનો આરંભ કરવો. (૪)

એમાં જુગાર તો મહાવ્યસન છે, ઉપરાંત આર્ત્ત-રૌદ્રનું કારણ છે. છત્ર પોતાને ધરવાથી ઉષ્ણપહીષહથી પરાભવાદિ અને પરને ધરવાથી લઘુતાદિ થાય. પગરખાંથી જિનાજ્ઞાનો ભંગ, ઈર્યાસમિતિની વિરાધના, સુખશીલપણું ઈત્યાદિ થાય. અગ્નિના આરંભથી હિંસા થવા સાથે શીતપરિષહથી પરાભવ-લઘુતાદિ થાય, માટે અનાચીર્ણ સમજવાં. બીજા પણ અનેક દોષો સંભવિત છે તે યથામતિ વિચારવા. ૪.

(२१) सिज्जायरपिंडं च, आसंदी-पलिअंकए ।
गिहंतरनिसिज्जा य, गायस्सुवट्टणाणि य ॥ ३-४ ॥

૨૪-सिज्जायरपिंडं = (ઉપાશ્રય આપનાર) શય્યાતરનો પિંડ લેવો, ૨૫-आसंदी = (લોકપ્રસિદ્ધ

માંચી-ખુરસી-ડોળી-સાદડી ઈત્યાદિ) આસનો વાપરવાં, ૨૬-पलिअंकए = પલ્યંક (અર્થાત્ પલંગ-માંચો-ખાટ-ખાટલા-પથારી) ઈત્યાદિ વાપરવાં, ૨૭- गिहंतरनिसिज्जा = (ગૃહસ્થના વાસવાળા ઘરમાં કે કોઈ બીજાં) ઘરોની વચ્ચેરહેવું-બેસવું ઈત્યાદિ, ૨૮-गायस्सुवट्टणाणि = શરીરનાં ગાત્રોનું (અવયવોનું) ઉદ્‌વર્તન અર્થાત્ મેલ ઉતારવા માટે પીઠી આદિ ચોળવું-ચોળાવવું) (૫)

શય્યાતરપિંડ લેવાથી એષણાસમિતિમાં દોષો, વસતિની દુર્લભતા, ગૃહસ્થનો પ્રતિબંધ કે દ્વેષ ઈત્યાદિ. આસન અને પલંગાદિથી લઘુતા, શાસનની અપભ્રાજના, સુખશીલપણું, હિંસા ઈત્યાદિ ગૃહસ્થવાળા ઘરમાં રહેતાં બ્રહ્મચર્યની વિરાધના, લઘુતા, પ્રતિબંધ. બે ઘરોની વચ્ચે બેસતાં ધર્મની અપભ્રાજના, લઘુતા, ચોરી આદિનું કલંક, ઈત્યાદિ વિવિધ દોષો તથા પીઠી આદિ ચોળતાં-ચોળાવતાં મલપરિષહથી પરાભવ, શરીરશોભા, કામવિકાર,

ઈત્યાદિ દોષો યથામતિ વિચારવા. ૫.

(૨૨) **गिहिणो वेयावडियं, जा य आजीववत्तिया ।**
**तत्तानिव्वुडभोइत्तं, आउरस्सरणाणि अ ॥ ३-६ ॥**

૨૯-गिहिणो वेयावडियं = (અન્નવસ્ત્રાદિ આપવા અપાવવાદિરૂપ) ગૃહસ્થની વૈયાવચ્ચ કરવી, ૩૦-आजीववत्तिआ = (પોતાના ઉચ્ચ-નીચાદિ જાતિ-કુલ-ગુણ-કર્મ-શિલ્પ ઈત્યાદિના બળે) આજીવવૃત્તિ ચલાવવી-આજીવિકા મેળવવી (આજીવકપિંડ લેવો), ૩૧-तत्तानिव्वुडभोइत्तं = માત્ર તપેલું-ત્રણ ઉકાળાથી પૂર્ણ ઉકાળ્યા વિનાનું - મિશ્ર પાણી લેવું, વાપરવું, પીવું, ઈત્યાદિ, ૩૨- आउरस्सरणाणि = ક્ષુધાદિની પીડાથી આર્ત્તધ્યાનને વશ થઈ પૂર્વે ભોગવેલા આહારાદિનું સ્મરણ કરવું-ઈચ્છા કરવી ઈત્યાદિ, એ સર્વ અનાચીર્ણ કહેલાં છે. (૬)

ગૃહસ્થની વૈયાવચ્ચથી અવિરતિનું પોષણ-અનુમોદનાદિ. આજીવકવૃત્તિથી ધર્મની અપભ્રાજના-લઘુતાદિ. મિશ્રપાણીથી હિંસાદિ અને આતુરસ્મરણથી

આર્ત્તરૌદ્રધ્યાન, અસમાધિ ઈત્યાદિ વિવિધ દોષોનો સંભવ યથામતિ વિચારવો. ૬.

(२३) मूलए सिंगबेरे य, उच्छुखंडे अनिव्वुडे ।
कंदे मूले य सच्चित्ते, फले बीए अ आमए ॥ ३-७ ॥

૩૩-मूलए = (લોકપ્રસિદ્ધ) મૂળો, ૩૪-सिंगबेरे = લીલું આદુ, ૩૫-अनिव्वुडे उच्छुखंडे = અચિત્ત નહિ થએલા શેરડીના ટુકડા, ૩૬-૩૭-कंदे मूले च सच्चित्ते = સચિત્ત કંદો અને મૂળિયાં, (તેમાં થડના મૂળમાં હોય તે કંદ અને કંદમાંથી નીકળેલા ભૂમિગત તાંતણા તે મૂળીયાં) ૩૮-૩૯-आमए फले बीए य = અચિત્ત નહિ થએલાં આમ્રાદિ ફળો તથા ઘઉં-આદિના કણીયારૂપ વનસ્પતિનાં બીજો. (૭)

મૂળો, આદુ, કંદ અને મૂળ એ ચારે અનંતકાયિક તથા સચિત્ત શેરડી, ફળો અને બીજ, એ સર્વ વાપરવાથી અહિંસાવ્રતનો ભંગ, વિકારક હોવાથી ચતુર્થ વ્રતમાં અતિચાર, મનની અસમાધિ, સ્વાદની ગૃદ્ધિ, વગેરે પરિણામે પાંચે વ્રતોની

વિરાધના યથામતિ વિચારવી. ૭.

(૨૪) **सोवच्चले सिंधवे लोणे, रोमालोणे अ आमए ।**

**सामुद्दे पंसुखारे य कालालोणे य, आमए ॥ ३-८ ॥**

૪૦-सोवच्चले = સંચલ, ૪૧-सिंधवे = સિંધવ ૪૨-लोणे = સાંભર જાતિનું લવણ અને ૪૩-रोमालोणे = રૂમાલવણ, એ પ્રત્યેક લોકપ્રસિદ્ધ ક્ષારો आमए = કાચા (સચિત્ત અનાચીર્ણ છે), તથા ૪૪-૪૫-૪૬ आमए = કાચું सामुद्दे पंसुखारे कालालोणे = સમુદ્રમાં પકાવાતું લૂણ, પાંશુખાર (ધુડીયો ખારો) અને સિંધવની એક જાતિનું કાળું લૂણ, એ પણ અનાચીર્ણ છે. (૮)

૪૦ થી ૪૬ સુધી પ્રત્યેક ક્ષારો તે તે નામે ભિન્ન ભિન્ન દેશમાં પ્રસિદ્ધ છે, તે સર્વ સચિત્ત વાપરતાં હિંસા થાય. આ કેટલાક ક્ષારો પાણીમાં અને કેટલાક પર્વતોમાં પાકે છે. ૮.

(૨૫) **धूवणे त्ति वमणे य, वत्थीकम्म-विरेयणे ।**

**अंजणे दंतवणे अ, गायाब्भंग विभूसणे ॥ ३-१० ॥**

૪૭-धूवणे = (વસ્ત્રાદિને સુગંધાર્થે) ધૂપ દેવો અથવા ધૂમ્રપાન કરવું, ૪૮-वमणे = (મીંઢળ વગેરેના પ્રયોગથી) વમન કરવું, ૪૯-वत्थीकम्म = પીચકારી વગેરેથી પુંઠ (ગુદા) માર્ગે ચોપડ, સાબૂનું પાણી કે કોઈ ઔષધ ચઢાવવું (એનીમા લેવી), ૫૦-विरेयणे = (ત્રિફળા-હરડે-હીમજ કે અન્ય ઔષધિ દ્વારા) રેચ લેવો, ૫૧-अंजणे = નેત્રોમાં અંજન આંજવું, ૫૨-दंतवणे = દાતણથી મુખશુદ્ધિ કરવી, ૫૩-गायाब्भंग = શરીરનાં ગાત્રોને તૈલાદિ ચોળવું ચોળાવવું, અને ૫૪-विभूसणे = (અલંકારાદિથી શરીરની) વિભૂષા કરવી. (૯)

ધૂપ કે ધૂમ્રપાનથી અગ્નિકાયની વિરાધના અને વિષયોની ગૃદ્ધિ. વમન, બસ્તીકર્મ અને વિરેચનથી શરીરમાં રહેલા કૃમિ આદિ ત્રસ સંમૂર્છિમ જીવોની હિંસા. અંજનથી શરીરશોભા નેત્રોનો વિકાર. દાતણથી વનસ્પતિકાયની વિરાધનાની અનુમોદના-વિભૂષા વગેરે. ગાત્ર ચોળવાથી

સુખશીલપણું, હિંસાદિ અને વિભૂષાથી નવવાડની વિરાધના, કામવિકાર, બ્રહ્મચર્યનું ખંડન વગેરે વિવિધ દોષો પ્રગટ છે.

અહીં ચોપન અનાચીર્ણ કહ્યા, તેમાં ૧૨-રાજપિંડ અને ૧૩-કિમિચ્છ પિંડ એ બેને એક તથા ૧૮-જુગાર અને ૧૯-નાલિકા એ બેને એક ગણી બાવનની સંખ્યા ઘણા ગ્રન્થોમાં કહેલી છે અને પ્રસિદ્ધિમાં પણ બાવન છે. એમ સમજવું.

ઉત્સર્ગપદે આ બાવન પ્રકારનું અનાચીર્ણ મુનિઓને નિષિદ્ધ, છતાં દેશ-કાળ બળની હાનિને યોગે રોગાદિક આપત્તિ કાળે જરૂર જણાય તો પણ, ગીતાર્થ ગુર્વાદિકની અનુમતિથી, તેઓની આજ્ઞા પ્રમાણે, સંયમની રક્ષાના ધ્યેયથી, અલ્પદોષ અને અધિકલાભનું કારણ હોય, તો અપવાદરૂપે આચરી શકાય. સર્વત્ર અમાયી અને સંયમના ખપી થવું હિતકર છે. ૯.

**હવે કેવા મુનિઓને આ અનાચરિત છે ? તે કહે છે-**

( २६ ) **सव्वमेयमणाइन्नं, *निग्गंथाण महेसिणं ।**
**संजमंमि अ जुत्ताणं, लहुभूयविहारिणं ॥ ३-१० ॥**

एयं = આ सव्वं = સર્વ अणाइन्नं = (મુનિવરોને) અનાચીર્ણ (નહિ આચરવા યોગ્ય) છે. (કારણ કે તેઓ) નિર્ગ્રન્થ છે. મહાત્માઓ છે. પ્રતિદિન સંયમમાં जुत्ताणं = યુક્ત (અપ્રમત) હોય છે અને लहुभूय = લઘુભૂત (એટલે હલકા વાયુની પેઠે) विहारिणं = (અપ્રતિબદ્ધપણે ગ્રામાનુગ્રામ) વિચરનારા હોય છે. અર્થાત્ ઉપર્યુક્ત ગુણવાળા હોવાથી મુનિવરોને એ બાવન પ્રકારની સંયમની

---

***निग्गंथाण महेसिणं શબ્દોનો અર્થ પ્રથમ કહેલા હોવાથી અહીં પુનઃ કહ્યા નથી, એમ હવે પછી પણ સમજી લેવું. શબ્દાર્થ વિભક્તિને અનુસારે લખવા જોઈએ, તો પણ વિશેષણોનો અર્થ વિભક્તિ પ્રમાણે લખતાં ગુજરાતી ભાષામાં વાક્યની અસંગતિ થતી હોવાથી, વિભક્તિનો અર્થ સાચવી શકાયો નથી, માટે તે વિશેષ્યને અનુસારે સમજી લેવો.**

---

વિરાધના અકરણીય છે. (૧૦)

ઉત્તમ સત્ત્વશાળી આત્માઓ કદી ક્ષુદ્રલોકોએ સ્વીકારેલા નીચ (દુષ્ટ) માર્ગને પસંદ કરતા નથી, માટે અહીં મુનિની ઉત્તમતા જણાવી છે. આ બાવનને વર્જવાથી જ મુનિ જગતમાં ઉત્તમ-શ્રેષ્ઠ-પૂજ્ય ગણાય છે. ૧૦.

એ મુનિવરોની શેષ ઉત્તમતાને જ ત્રણ ગાથાથી કહે છે-

(૨૭) पंचासवपरिण्णायणा, तिगुत्ता छसु संजया ।
पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥ ३-११ ॥

(૨૮) आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।
वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥ ३-१२ ॥

(૨૯) परीसहरिऊदंता,धूअमोहा जिइंदिआ ।
सव्वदुक्खप्पहिणट्ठा, पक्कमंति महेसिणो ॥ ३-१३ ॥

વળી મુનિવરો पंचासव = હિંસાદિ પાંચે આશ્રવોના परिण्णाया = પૂર્ણ જાણ હોય છે. (જ્ઞાનથી તેને જાણે છે અને ક્રિયાથી તેને તજે છે)

એ કારણે તેઓ तिगुत्ता = ત્રણ ગુપ્તિથી ગુપ્ત (મન-વચન-કાયાને સાવદ્યમાં જતાં રોકનારા) હોય છે, તેથી छसु = છ જીવનિકાયની રક્ષામાં संजया = ઉદ્યત (જયણાવાળા) હોય છે વળી पंचनिग्गहणा = પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ (ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં સમતાને) કરનારા હોય છે, તે પણ અજ્ઞાન કી દીનતાથી નહિ, કિન્તુ धीरा = જ્ઞાની (અથવા ધૈર્યવાળા) હોવાથી એ સઘળું પ્રસન્નપણે કરે છે, વળી તેઓ નિર્ગ્રન્થ અને उज्जुदंसिणो = (મોક્ષ માટે સરળતા = સંયમ આવશ્યક હોવાથી) ઋજુ એટલે સંયમને જોનારા-સંયમમાં જ ઉપાદેય બુદ્ધિવાળા-સંયમપ્રતિબદ્ધ હોય છે. (૧૧)

વળી વિશેષ નિર્જરા માટે તે संजया = સાધુઓ गिम्हेसु = ઉષ્ણઋતુમાં आयावयंति = (તાપમાં) આ તાપના લે છે, हेमंतेसु = શીતઋતુમાં अवाउडा = અવસ્ત્રા (વસ્ત્રો છોડીને) શીતપરિષહને સહે છે અને वासासु = વર્ષાકાળમાં (જીવરક્ષા માટે)

पडिसंलीणा = એક આશ્રયમાં સ્થિર રહે છે,એમ સુસમાહિયા = જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત-સફળ કરવામાં તત્પર હોય છે. (૧૨)

એ રીતે परीसहरिऊदंता = (ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણાદિ) પરિષહોરૂપ શત્રુઓનો પરાભવ કરનારા, धूअमोहा = મોહને (ઉદયને) નિષ્ફળ કરનારા, જિતેંદ્રિય (અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોમાં રાગ-દ્વેષ નહિ કરનારા તે) મહર્ષિઓ सव्वदुक्खप्पहीणट्ठा = સર્વ દુઃખોના ક્ષય માટે पक्कमंति = પ્રવર્તે છે. (૧૩)

૧૧મી ગાથામાં કહેલા ગુણો પરસ્પર અપેક્ષાવાળા હોવાથી એક હોય ત્યાં બીજા પણ હોય જ. એ રીતે મુનિજીવનમાં સાચો એક પણ ગુણ સર્વ ગુણોને પ્રકટ કરે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સાચો એક ગુણ પણ મુક્તિ આપવા સમર્થ છે, તે યથાર્થ છે.

'બારમી ગાથામાં ધનના અર્થીને 'લાભ થાય તેમ લોભ વધે' એ રીતે સંયમનો અર્થી જેમ જેમ ગુણો

પ્રગટે તેમ તેમ નિર્જરાનો વિશેષ પ્રયત્ન કરે છે. જે શીત-ઉષ્ણાદિ પ્રસંગો જગતને મૂંઝવે છે, તેનો સામનો કરીને ઉત્તમમુનિ સર્વ દુઃખોના મૂળભૂત અનુકૂળતાના રાગનો અને પ્રતિકૂળતાના દ્વેષનો જય કરે અને પ્રાપ્ત થએલાં જ્ઞાનાદિને એ રીતે સફળ કરે.

વસ્તુતઃ જ્ઞાનાદિની પ્રાપ્તિ તેને કહેવાય કે જે જ્ઞાનાદિના બળે કર્મોની નિર્જરા કરી તેને સફળ કરે. 'પ્રાપ્ત થયેલાં જ્ઞાન પ્રમાણે શક્તિ છતાં વર્તે નહિ, તેને જ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય નહિ' એ અહીં ગર્ભિત સૂચન છે. પછી તેરમી ગાથામાં મુનિના ધ્યેયનું વર્ણન કરવા સાથે અપ્રમત્તા વર્ણવેલી છે, ધ્યેય વિનાનો ઉદ્યમ કે ઉદ્યમ વિનાનું ધ્યેય નિરર્થક છે, માટે સાધુએ એક કર્મઘાતના ધ્યેયથી અપ્રમત્તપણે જીવવું જોઈએ. ૧૧-૧૨-૧૩.

હવે આવા ચારિત્રનું ફળ શું મળે ? તે કહે છે-

(૩૦) **दुक्कराइं करित्तां णं, दुस्सहाइं सहेत्तु य ।**
**के इत्थ देवलोएसु, केइ सिझंति नीरया ॥ ३-१४ ॥**

એ પ્રમાણે दुक्कराइं = (અનાચીર્ણનું વર્જન વગેરે) દુષ્કર કાર્યોને करित्ता = કરીને અને दुस्सहाइं = ક્ષુધાદિ દુસ્સહપરીષહોને सहेत्तु = સહન કરીને के = કેટલાક મુનિવરો इत्थ देवलोएसु = આ સંસારમાં જ સૌધર્માદિક દેવ (થાય છે) અને केइ = કોઈ (વિશિષ્ટ નિર્જરા કરીને) नीरया = આઠકર્મોરૂપ રજરહિત (નીરજ) થઈને सिज्झंति = સિદ્ધ થાય છે. (૧૪)

ઉગ્ર આરાધના કરતાં કોઈ વાર નિકાચિત પુણ્યબંધ થવાથી, કે ભવસ્થિતિ આદિનો યથાયોગ્ય પરિપાક નહિ થવાથી ઉગ્ર આરાધના કરવા છતાં કેટલાક વૈમાનિક દેવપણે ઉપજે અને તથાવિધ ભવ્યત્વાદિ પાંચે કારણોનો સુમેળ મળતાં કોઈ સિદ્ધિગતિન પામે છે. અર્થાત્ ઉત્તમ ચારિત્રની આરાધનાનું ફળ મુક્તિ છે, તે ન થાય તો અવશ્ય વૈમાનિકદેવપણું તો મળે જ છે. ૧૪.

દેવલોકમાં ગએલાને શું ફળ મળે ? તે કહે છે-

(३१) खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुपत्ता, ताइणो परिनिव्वुडे-त्ति बेमि
॥ ३-१५ ॥

દેવલોકમાં ઉપજેલા, ત્યાં પુણ્યકર્મને ભોગવીને, ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં ચવીને સંયમની (દેશ-કાળ વગેરે) સામગ્રીવાળો મનુષ્યભવ પામે છે અને ત્યાં पुव्वकम्माई = પૂર્વોપાર્જિત ભુક્તશેષકર્મોને संजमेण तवेण = સંયમ અને તપથી खवित्ता = ક્ષય કરીને सिद्धिमग्गमणुपत्ता = (જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ) મોક્ષમાર્ગને પામી ताइणो = સ્વ-પરને-તારતા परिनिव्वुडे = પરિનિર્વાણ (મોક્ષને) પામે છે, त्ति बेमि = એ પૂર્વે તીર્થંકર-ગણધરોએ કહેલું હું તને કહું છું. (૧૫)

ચારિત્રની નિર્મળ આરાધનાથી બંધાએલું પુણ્ય ભોગવવા છતાં તે મોહનું પોષક બનતું નથી, એ કારણે દેવલોકમાં દૈવી સુખો ભોગવવા છતાં પુનઃ મનુષ્યભવ પામીને મુક્તિના આરાધના કરીને નિર્વાણ

પામે છે. કષ્ટોને સમાધિથી ભોગવતાં બંધાએલા પુણ્યને ભોગવવા છતાં નિરપેક્ષ રહી શકાય છે.

દુ:ખમાં જે સમાધિ રાખી શકે નહિ, તેને સુખમાં સમાધિ રહે જ નહિ. માટે સુખમાં પણ સમાધિ ટકાવવાની ઈચ્છાવાળાએ પહેલાં કષ્ટોને સમાધિથી સહન કરવાં જોઈએ. શ્રી જિનશાસનમાં ધર્માનુષ્ઠાનો કષ્ટકારક હોવાથી તેના અભ્યાસથી જીવ સુખને પચાવવાની કળા (સમાધિ) પ્રાપ્ત કરી શકે છે અને દુ:ખ-સુખ ઉભયમાં સમાધિને સાચવીને તે અવશ્ય મુક્તિમાં જાય છે.

સુખ-દુ:ખનાં નિમિત્તો આવે ત્યારે રાગ-દ્વેષ નહિ કરતાં, અનિત્યાદિ ભાવનાઓના બળે અને અંતે આત્માના સહજસ્વભાવબળે તેને ભોગવી લેવાં તેને સમાધિ કહેવાય છે. સાધુજીવનનું સાધ્ય આ સમાધિ જ છે અને તે વ્યવહારસામાયિકાદિના બળે સિદ્ધ કરી શકાય છે, માટે જ મુક્તિનું અનંતર કારણ ચારિત્ર કહ્યું છે. જ્ઞાન દર્શન મુક્તિમાં પરંપર કારણ છે. ૧૫.

॥ તૃતીયમ્ અધ્યયનં સમાપ્તમ્ ॥

## • ચોથું ષડ્જીવનિકાય અધ્યયન •

બીજા અધ્યયનમાં ધૈર્યનું વર્ણન કર્યું, તે ધૈર્ય સદાચાર વિષયમાં રાખવું હિતકર હોવાથી ત્રીજા અધ્યયનમાં અનાચીર્ણના વર્જનાદિરૂપ સાધુનો આચાર કહ્યો, હવે એ આચાર છ જીવનિકાય અંગે પાળવાનો હોવાથી, આ અધ્યયનમાં છ જીવનિકાયનું વર્ણન કર્યું છે, એથી તેને 'ષડ્જીવનિકાય' અધ્યયન કહેલું છે. આને 'ધર્મપ્રજ્ઞપ્તિ' પણ કહેવાય છે. તેમાં પંદર સૂત્રો અને ઓગણત્રીશ ગાથાઓ છે અને ૧-જીવ-અજીવનું સ્વરૂપ, ૨-તેને જાણીને છકાય જીવની હિંસાથી અટકવાનું વિધાન, ૩-તે માટે મહાવ્રતોરૂપ ચારિત્રધર્મનું પાલન, ૪-છ જીવનિકાયની યતનાનો વિધિ, ૫-ઉપદેશ અને ૬-ચારિત્રધર્મનું ફળ, એમ છ અધિકારો છે.

તેનું પહેલું સૂત્ર કહે છે.

*सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-इह

---

* દશવૈકાલિક સૂત્ર શ્રીશય્યંભવસૂરિજીએ પૂર્વોમાંથી ઉદ્ધરેલું હોવાથી, શ્રીસુધર્માસ્વામિજીએ કહેલો

खलु छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ, सुअक्खाया, सुपन्नत्ता, सेअं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥ आ० १ ॥

શ્રીસુધર્માસ્વામિજીએ પોતાના શિષ્ય શ્રીજમ્બૂને કહ્યું છે કે-आउसं = હે આયુષ્યમાન્ જમ્બૂ ! मे सुअं = મેં સાંભળ્યું છે, तेणं भगवया एवं अक्खायं = તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે, શું કહ્યું છે ? इह = આ જગતમાં खलु = નિશ્ચે छज्जीवणिया नामज्झयणं = છ જીવનિકાય નામનું અધ્યયન કહ્યું છે, કેવા ભગવંતે કહ્યું છે ? समणेणं = મહાતપસ્વી, भगवया = સમગ્ર ઐશ્વર્યાદિ(ભગ)વાળા-ભગવંત, महावीरेणं =

---

આ પાઠ પૂર્વમાંથી એ જ શબ્દોમાં તેઓએ લીધેલો છે, એમ માનવાથી અસંગતિ નથી રહેતી. કારણ પૂર્વાચાર્યોની એ પદ્ધતિ હતી કે પોતાના પૂર્વપુરુષોથી બોલાએલા શબ્દોનો ઉપયોગ કરવામાં તેઓ ગુરુભક્તિ સમજતા. આજે પણ એનું અનુકરણ કરનારા છે.

---

કષાયાદિ મહાવૈરિનો પરાભવ કરનારા, મહાસુભટ હોવાથી દેવોએ જેઓને 'મહાવીર' એવું ઉપનામ આપ્યું છે અને कासवेणं = કાશ્યપગોત્રવાળા છે, તે ભગવંતે કહ્યું છે. કેવી રીતે કહ્યું છે ? સ્વયં पवेइआ = કેવળજ્ઞાનથી જાણીને કહ્યું છે, કોઈ એકની સામે જ નહિ, પણ બાર પર્ષદામાં सुअक्खाया = સારી રીતે કહ્યું છે. (એટલું જ નહિ, જેમ કહ્યું તેમ સૂક્ષ્મ પણ અતિચાર ન લાગે તે રીતે) सुपन्नत्ता = પાળ્યું છે, માટે मे अज्झयणं अहिज्जिउं सेयं = મારે ષડ્જીવનિકાય અધ્યયન ભણવું તે શ્રેયઃ છે, સાંભળવું-કહેવું તે હિતકર છે, એમાં ધર્મની પ્રજ્ઞપ્તિ (વ્યાખ્યા) કરેલી હોવાથી એને धम्मपन्नत्ती = 'ધર્મપ્રજ્ઞપ્તિ' પણ કહેવાય છે. (पवेइआ = વગેરે પદો સ્ત્રીલિંગે પ્રથમાન્ત છે, તે ધર્મપ્રજ્ઞપ્તિનાં વિશેષણો સમજવાં.) (૧)

आउसं तेणं એ બે પદોને એક જ ગણી જુદા જુદા સંસ્કૃત પર્યાયથી ભિન્નભિન્ન અર્થ કર્યો છે.

आयुष्मता એવું ભગવાનનું વિશેષણ કરવાથી 'ચિરંજીવી શ્રીભગવાને' આ કહ્યું છે, એમ મંગળસૂચક અર્થ થાય. आवसंतेणं એવું સુધર્માસ્વામીનું વિશેષણ કરવાથી 'ગુરુની નિશ્રામાં વસતા' અથવા आमुसतेणं પર્યાય કરવાથી ભગવાનનાં પાદકમળને 'મસ્તકથી સ્પર્શ કરતા' એવા સુધર્માસ્વામીએ, ભગવંતના મુખે આ સાંભળ્યું છે. એવા પણ અર્થો થાય છે. ૧.

**कयरा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ सुअक्खाया सुपन्नत्ता ? सेयं मे अहिज्जिउं धम्मपन्नत्ती ॥ आ० २ ॥**

कयरा = કયી ? બાકીનો અર્થ ઉપર પ્રમાણે. માત્ર અહીં શ્રીજમ્બૂસ્વામીએ પોતાના ગુરુને મુખે સાંભળીને પ્રશ્ન કર્યો છે કે એ ધર્મપ્રજ્ઞપ્તિ કયી છે? (૨)

આમાં એવું સૂચન છે કે આત્માર્થી શિષ્યે અભિમાન છોડીને સર્વ કાર્યોમાં ગુરુને પૂછવું. ૨.

**इमा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं**

भगवया महावीरेणं कासवेणं पवेइआ सुअक्खाया सुपन्नत्ता, सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥ आ० ३ ॥

इमा = આ, બાકી અર્થ ઉપર પ્રમાણે, માત્ર જમ્બૂસ્વામીને ગુરુએ ઉત્તર આપેલો છે કે ધર્મપ્રજ્ઞપ્તિ આ (આગળ કહેવાશે તે) (૩)

આમાં ગુરુએ પણ શિષ્યના વિનયની રક્ષા માટે ઉત્તર આપવો જોઈએ એ ભાવ છે. ૩.

**હવે તે ધર્મપ્રજ્ઞપ્તિને કહે છે, તેમાં પ્રથમ જીવ-અજીવનું સ્વરૂપ કહે છે-**

तं जहा-पुढविकाइआ १, आउकाइआ २, तेउकाइआ ३, वाउकाइआ ४, वणस्सइकाइआ ५, तसकाइआ ६ ॥

पुढवी चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं-१ ॥

आऊ चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थरिणएणं-२ ॥

तेऊ चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं-३ ॥

वाऊ चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं-४ ॥

वणस्सई चित्तमंतमक्खाया, अणेगजीवा, पुढोसत्ता, अन्नत्थ सत्थपरिणएणं, तं जहा-अग्गबीआ, मूलबीआ, पोरबीआ, खंधबीआ, बीअरूहा, संमुच्छिमा तणलया । वणस्सइकाइआ, सबीआ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं-४ ॥

से जे पुण इमे अणेगे, बहवे, तसा, पाणा. तं जहा-अंडया, पोयया, जराउया, रसया, संसेइमा, संमुच्छिमा, उब्भिया, उववाइया. जेसिं केसिंचि पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचियं पसारियं रुयं भंतं तसियं पलाइयं आगइगइविन्नाया, जे य कीडपयंगा, जा य कुंथुपिपीलिया, सव्वे बेइंदिया, सव्वे तेइंदिया, सव्वे चउरिंदिया, सव्वे पंचिंदिया, सव्वे तिरिक्खजोणिया, सव्वे नेरइया, सव्वे मणुया, सव्वे देवा, सव्वे पाणा परमाहम्मिया । एसो खलु छट्ठो जीवनिकाओ तसकाओ त्ति पवुच्चइ-६ ॥ सूत्र-१ ॥

तंजहा = તે આ પ્રમાણે १-पुढविकाइया =

પૃથ્વીકાયિકા ૨-आउ = અપકાયિકા, ૩-तेऊ = તેજસ્ (અગ્નિ) કાયિકા, ૪-वाऊ = વાયુકાયિકા, ૫-वणस्सइ = વનસ્પતિકાયિકા અને ૬-तस = ત્રસકાયિકા.

सत्थपरिणएणं = શસ્ત્રના ઉપઘાતથી પરિણત (નિર્જીવ) થયા अन्नत्थ = વિનાની पुढवी = પૃથ્વી अणेगजीवा = અનેક જીવોવાળી, તે પણ पुढोसत्ता = પ્રત્યેક શરીરમાં જુદા જુદા જીવોવાળી, चित्तमंतं = જીવવાલી (સચિત્ત), अक्खाया = કહી છે. (૧)

એ પ્રમાણે-શસ્ત્રથી હણાયા વિનાના પાણી(જળ)રૂપ જીવો અનેક જુદા જુદા શરીરવાળા સચિત્ત કહેલા છે. (૨)

શસ્ત્રથી હણાયા વિનાના તૈજસ્ (અગ્નિ) કાયજીવો પણ અનેક જુદા જુદા શરીરવાળા સચિત્ત કહેલા છે. (૩)

શસ્ત્રથી હણાયા વિનાના વાયુકાયિક અનેક

જીવો જુદા જુદા શરીરવાળા સચિત્ત કહ્યા છે. (૪)

શસ્ત્રથી હણાયા વિનાના વનસ્પતિકાયિક અનેક જીવો ભિન્ન ભિન્ન શરીરવાળા સચિત્ત કહ્યા છે.

આ વનસ્પતિકાયજીવો વિવિધ પ્રકારનાં છે,

अग्गवीआ = અગ્રબીજ. અગ્ર એટલે જેનો છેડો વાવવાથી ઉગે તે. કોરંટ વિગેરે વૃક્ષોમાં બીજ છેડે હોય છે.

मूलबीआ = મૂળ બીજ. જેનાં મૂળીયા વાવવાથી ઉગે તે. ઉત્પલકમળ કે કંદ આદિ.

पोरबीआ = પર્વ બીજ. પર્વ એટલે ગાંઠા. તે ગાંઠાને વાવવાથી ઉગે તે શેરડી વિગેરે.

खंधबीआ = સ્કંધ બીજ. જેના સ્કંધ વાવવાથી ઉગે તે શલ્લકી-વડ ઈત્યાદિ.

बीअरुहा = બીજરૂહ. જેનાં બીજ વાવવાથી ઉગે તે અનાજ, ડાંગર, ઘઉં વિગેરે.

तणलया = જેનું બીજ પ્રસિદ્ધ ન હોય છતાં પૃથ્વી પાણી આદિના સંબંધથી ઉગે તે, વેલા

વેલડીઓ સર્વ संमुच्छिमा = સંમૂર્છિમ જાણવા.

એ સર્વ જાતિના વનસ્પતિકાયજીવો બીજસહિત હોય છે. જ્યાં સુધી કોઈ શસ્ત્રથી હણાયા ન હોય ત્યાં સુધી તે જુદા જુદા શરીરોમાં એક-અનેક જીવવાળા સચિત્ત કહેલા છે. (૫)

से = હવે पुण = વળી जे इसे = જે આ अणेगे = અનેક (બેઈન્દ્રિય તેઈન્દ્રિય વગેરે ભિન્નભિન્ન જાતિઓવાળા) बहवे = ઘણા પ્રકારના तसा पाणा = ત્રસજીવો છે. ते जहा = તે આ પ્રમાણે છે-

अंइया = અંડજા. ઈંડાથી ઉપજતાં પક્ષીઓ ગરોલીઓ આદિ.

पोयया = પોતજા. ઓવાળ રહિત જન્મે તે· હાથી, વાગોળ, ચામાચીડીયાં વગેરે.

जराउआ = જરાયુજા. જરાયુથી વીંટાયેલા જન્મે તે ગાય, ભેંસ વિગેરે તિર્યંચો અને મનુષ્યો.

रसया = રસજા. દહીં, દૂધ વગેરે રસાળ વસ્તુઓમાં ઉપજે તે.

संसेइमा = સંસ્વેદિમ. જૂ, લીખ, સવા વગેરે પરસેવાથી ઉપજે તે.

संमुच्छिमा = સંમૂર્છિમ. નરમાદાના યોગ વિના ઉપજે તે પતંગીયાં, કીડીઓ, માખીઓ ઈત્યાદિ.

उब्भिआ = ઉદ્ભિન્ન. પૃથ્વીને ભેદીને ઉપજે તે તીડ વિગેરે.

उववाइआ = ઔપપાતિક. સ્વયં ઉપપાતથી ઉપજનારા દેવો નારકો.

આ રીતે આઠ પ્રકારોાં સર્વ ત્રસજીવો આવી જાય છે.

હવે તેનાં લક્ષણો કહે છે કે जेसि केसिंचि पाणाणं = જે કોઈ જીવોનું अभिक्कंतं = સામે આવવું पडिक्कंतं = પાછા ખસવું, संकुचियं = ગાત્રોથી સંકોચ પામવું, पसारियं = ગાત્રોથી પહોળા થવું रुयं = શબ્દ કરવો, भंतं = ભમવું तसियं = ત્રાસ પામવું, पलाइयं = નાસવું તથા आगइगइ = આવવું જવું હોય, અને જેઓ તે તે (સંજ્ઞારૂપ) विन्नाया =

વિજ્ઞાનવાળા હોય, એવા जे य कीडपयंगा = જે કીડા (કૃમિઓ) પતંગિયાં (ઉપલક્ષણથી સર્વ બેઈન્દ્રિય તેઈન્દ્રિય અને ચૌરિન્દ્રિય) जा य कुंथुपिपीलिया = જે કુન્થુઆ-કીડીઓ (સર્વ તેઈન્દ્રિય) ઈત્યાદિ સર્વ બે ઈન્દ્રિયોવાળા, સર્વ ત્રણ ઈન્દ્રિયોવાળા, સર્વ ચાર ઈન્દ્રિયોવાળા અને સર્વ પંચેન્દ્રિયો. એમાં પણ સર્વ તિર્યંચયોનિવાળા, સર્વ નારકો, સર્વ મનુષ્યો અને સર્વ દેવો, એ પ્રત્યેક ત્રસ જાણવા.

એ सव्वे पाणा परमाहम्मिया = સર્વ જીવો પરધર્મવાળા (એટલે સુખની ઈચ્છા-દુઃખના દ્વેષવાળા) છે. एसो छट्ठो जीवनिकाओ = આ છઠ્ઠો જીવનિકાય खलु = નિશ્ચે तसकाओ = ત્રસકાય છે. इति पवुच्चइ = એમ (સર્વ તીર્થંકરોએ-ગણધરોએ) કહેલું છે. (૬)

પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને વનસ્પતિરૂપે જે દેખાય છે તે અનેકાનેક એકેન્દ્રિય જીવોનાં શરીરો છે. જેમ શરીરમાં રહેલા જીવ તથા તે શરીરમાં ઊપજતા કૃમિઓ વગેરે જીવો જુદા છે, તેમ પૃથ્વી

આદિ પાંચે અનેક જીવોનાં શરીરો છે, તે એક એક શરીરમાં એક એક અને વનસ્પતિમાં તો એક શરીરમાં અનંતા પણ જીવો હોય છે. માટે તેને અનંતકાયિક પણ કહેવાય છે. એ ઉપરાંત પૃથ્વી આદિના આધારે જીવનારા બીજા ત્રસ જીવો જુદા હોય છે.

દેખાતી પૃથ્વી વગેરે જીવોનાં શરીર છે, એ એનાં લક્ષણોથી સ્પષ્ટ સમજાય છે. ચેષ્ટા સ્પષ્ટ નહિ દેખાવા છતાં એકેન્દ્રિયમાં પણ જીવના લક્ષણરૂપ ઉપયોગ, યોગબળ, અધ્યવસાય, જ્ઞાન, દર્શન, આઠે કર્મોનો ઉદય, બંધ, લેશ્યા, શ્વાસોચ્છ્‌વાસ, કષાયો, ઈત્યાદિ સઘળું અસ્પષ્ટ પણ હોય જ છે. આહાર પણ હોય છે, તેથી અનુકૂળ આહાર મળતાં પ્રફુલ્લ થાય (વધે) છે; આહાર ન મળે કે પ્રતિકૂળ મળે તો શોષાય-કરમાય છે-ઘટે છે. જેમ કે માટીના ટેકરાઓ-પર્વતો વગેરે પૃથ્વી જીવો કાળે કાળે વધે છે-ઘટે છે.

ગર્ભમાં કલલ અવસ્થામાં હાથીનું શરીર કે પક્ષીનાં ઈંડાનો રસ દ્રવ (પ્રવાહી) છતાં વધે છે,

જન્મે છે, માટે જીવ છે, તેમ જળ પણ દ્રવ-પ્રવાહી છતાં સજીવ છે. દેખાતું પ્રાણી તે જલીયજીવોનાં શરીરનો સમૂહ છે.

અગ્નિ પણ વાયુ, કાષ્ઠ કે તેલ વગેરે ખોરાક મળતાં વધે છે, ન મળે તો ઓલવાય છે, માટે તે સજીવ છે. માનવદેહમાં જઠરની ગરમી હોય છે, તે જીવ હોવાની નિશાની છે. જીવ ચાલ્યો જતાં ગરમી તેની સાથે ચાલી જાય છે અને શરીર ઠંડું થવા માંડે છે, તેમ અગ્નિની ઉષ્ણતા પણ સજીવની નિશાની છે. જીવ ચાલ્યા જતાં કોલસા-રાખ વગેરે ઠંડા પડી જાય છે. ઈત્યાદિ અનેક યુક્તિઓથી અગ્નિનું સજીવપણું સિદ્ધ છે.

વાયુ પણ સજીવ છે, અચેતન પદાર્થને કોઈ પ્રેરક જીવ ન હોય તો તે સ્વયં ગતિ કરી શકતો નથી. જડ પણ શરીરમાં હલનચલન આદિ દેખાય છે તે તેમાં રહેલા જીવની પ્રેરણાને આભારી છે. મનુષ્યમાં તેની બુદ્ધિ, ઈચ્છા, સંજ્ઞાદિના બળે જે

અમુક નિયત હલન-ચલન આદિ દેખાય છે, તે તેમાં રહેલ, જીવનની પ્રેરણાને આભારી છે. મનુષ્ય તેની બુદ્ધિ ઈચ્છા સંજ્ઞાદિના બળે હલનચલનાદિ સઘળું અમુક નિયત કરે છે અને વાયુમાં તેવી વ્યક્ત સંજ્ઞા કે બુદ્ધિ નહિ હોવાથી અનિયત તિર્છું ગમન હોય છે માટે વાયુ સજીવ છે જ.

વનસ્પતિકાયમાં તો ઘણાં લક્ષણો મનુષ્યના જેવાં દેખાય છે. કેતકી-આંબો-વડ વગેરેનું મૂળમાંથી બહાર નીકળવું, તે તેનો જન્મ છે, પછી તેમાં બાલ્યાદિ અવસ્થાઓ ક્રમશઃ પ્રગટે છે. લજામણી-બકુલ-વૃક્ષ વગેરેમાં લજ્જા સ્પષ્ટ દેખાય છે. મનુષ્યના અવયવોની પેઠે વનસ્પતિમાં અંકુરા પત્રો શાખા પ્રશાખાઓ પ્રગટે છે. સ્ત્રીને યોનિ હોય છે તેમ વૃક્ષોને પુષ્પો હોય છે, તેમાં સંતતિની જેમ ફળો નીપજે છે, મનુષ્યને નિદ્રા-જાગરણ હોય તેમ ધાવડી-પ્રપુનાટ વગેરેનાં પત્રો, સૂર્યવિકાસી કમળો, ઈત્યાદિ હોય તેમ ધાવડી-પ્રપુનાટ વગેરેનાં પત્રો,

સૂર્યવિકાસી કમળો, ઈત્યાદી સૂર્યાસ્ત સમયે સંકોચાય છે, ઉદય વખતે ખીલે છે. ઘુવડ વગેરે રાત્રિએ ફરનારા જીવોની જેમ ચંદ્રવિકાસી કમળો રાત્રે વિકાસ અને દિવસે સંકોચ પામે છે. શરીરથી કપાયેલા અવયવો શોષાય તેમ પત્ર-ફળ-પુષ્પો-શાખાદિ પણ કપાયા પછી સુકાવા માંડે છે.

મનુષ્યની જેમ વનસ્પતિ પણ આહાર-પાણી લે છે, તે મળે તો જીવે-વધે છે. અનેક સારવાર છતાં આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય જીવી શકતો નથી તેમ વનસ્પતિનું પણ રક્ષણ કરવા છતાં અમુક સ્વ-સ્વકાળ પૂર્ણ થતાં અચિત્ત બને જ છે. તેને પણ મનુષ્યની જેમ વિવિધ રોગો થાય છે અને ચિકિત્સાથી મટે પણ છે. મનુષ્યના અવયવોમાં ખોડ-ખાંપણ આવે છે તેમ વૃક્ષોમાં પણ કોઈનાં પત્રો ખરી જાય છે. કોઈની શાખા-પ્રશાખાઓ વાંકી વળી જાય છે. લકવાની જેમ વૃક્ષ જીવતું હોવા છતાં કોઈ શાખા સુકાય છે. વન્ધ્યા સ્ત્રીની જેમ કોઈ વૃક્ષોને

ફળો આવતાં જ નથી. વૃક્ષોની કેટલીય જાતિઓમાં નર-માદાનો ભેદ પણ હોય છે. ઈત્યાદિ વૃક્ષોમાં અનેક લક્ષણો મનુષ્યના જેવાં સ્પષ્ટ દેખાય છે. બાલ્યકાળ, યૌવન, વૃદ્ધત્વ, મરણ, લજ્જા, હર્ષ, શોક, રોગ, સંજ્ઞા, શીતાદિ અનુકૂળ-પ્રતિકૂળ સ્પર્શોની અસર, ઈત્યાદિ જીવત્વની સિદ્ધિનાં ઘણાં પ્રમાણો વનસ્પતિમાં સ્પષ્ટ હોય છે.

આધુનિક વૈજ્ઞાનિકો તો પૃથ્વી આદિ પાંચેય એકેન્દ્રિયોમાં જીવ માને છે.

એ પાંચ જયાં સુધી શસ્ત્રથી હણાય નહિ, ત્યાં સુધી સજીવ હોય છે. આ શસ્ત્રો ત્રણ પ્રકારનાં કહ્યાં છે, ૧-સ્વકાય; ૨-પરકાય અને ૩-ઉભયકાય. તેમાં કાળી પૃથ્વીને લાલ પૃથ્વી, ખારા પાણીને મીઠું કે ઉષ્ણને ઠંડું પાણી હણે છે, માટે તેનું તે સ્વકાય શસ્ત્ર છે. પૃથ્વીને પાણી-અગ્નિ-વાયુ વગેરેના, પાણીને અગ્નિ-માટી-વાયુ વગેરેના, અગ્નિને પાણી-પૃથ્વી-વાયુ વગેરેના, વાયુને પૃથ્વી-પાણી-અગ્નિ આદિના

અને વનસ્પતિને પૃથ્વી-જળ-અગ્નિ-વાયુ આદિના બળવાન પ્રત્યાઘાતો લાગતાં તે હણાય છે, તે તેઓનું પરકાય શસ્ત્ર છે અને પૃથ્વીને કાદવવાળું પાણી, કે પાણીને ભીની માટી હણે છે, તે તેનું (સ્વ-પર ઉભય અંગો હોવાથી) ઉભયકાય શસ્ત્ર કહેવાય છે.

મનુષ્યને આહાર જીવાડનાર છતાં પ્રમાણાતીત હોય તો જીવલેણ બને, તેવું એકેન્દ્રિયમાં પણ છે. અગ્નિ વાયુથી જીવે છે, પણ આકરો વાયુ લાગે તો નાશ પામે છે. પાણી, વાયુ વગેરે પૃથ્વીનો ખોરાક છે, પણ અધિક પાણી કે સખત વાયુ વગેરેથી તે હણાય છે. પાણી પણ પૃથ્વી અગ્નિ અને વાયુથી સુકાય છે. વનસ્પતિને પણ પૃથ્વી-પાણી-વાયુ અને સૂર્યનો તાપ (અગ્નિ), એ દરેક ખોરાક છતાં તે ઘણાં કે આકરાં હોય તો વૃક્ષો સુકાય છે, એમ વિવિધ રીતે એકેન્દ્રિયો હણાય છે. જે જેનાથી હણાય તે તેનું શસ્ત્ર કહેવાય.

વનસ્પતિકાયના 'અગ્રબીજ' વગેરે ભેદો

કહીને તેની ઉત્પત્તિના પ્રકારો, વિવિધ જાતિઓ, વગેરે વર્ણવ્યું છે. એ રીતે ત્રસકાયને ઓળખવા માટે પણ 'અંડજ' વગેરે ઉત્પત્તિના પ્રકારો તથા સામે આવવું-જવું વગેરે તેની વિવિધ ચેષ્ટાઓ કહીને કીડીઓ, પતંગિયાં વગેરે જાતિઓ દ્વારા બેઈન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના સર્વ ત્રસ જીવોને જુદી જુદી રીતે ઓળખાવ્યા છે. પૃથ્વી વગેરે ચારમાં ભેદોની સ્પષ્ટતા નથી કરી, તો પણ તે ચારેમાં જુદી જુદી અનેકાનેક જાતિઓ છે, તે જીવવિચાર વગેરે ગ્રંથોમાંથી જાણી લેવી.

આ પાંચે સ્થાવર જીવોને પણ જઘન્ય ઉત્કૃષ્ટ દેહપ્રમાણ-આયુષ્ય-પ્રાણ-યોનિઓ જ્ઞાન, દર્શન, લેશ્યા, કષાયો, સંજ્ઞાઓ, સ્વકાયસ્થિતિ,યોબળ, પર્યાપ્તિઓ, ઈત્યાદિ સઘળું ઓછા વધુ પ્રમાણમાં હોય છે અને તે સૂક્ષ્મબુદ્ધિથી સમજાય તેવું પણ છે.

ઈત્યાદિ છકાય જીવોને ઓળખાવીને 'परमाहम्मिया' પદથી એ સર્વ જીવો સુખના અર્થી -

દુઃખના દ્વેષી છે; માટે કોઈ જીવને દુઃખ થાય નહિ તેમ વર્તવાનું અહીં વિધાન કર્યું છે. સૂ૦-૧.

હવે હિંસા નહિ કરવારૂપ બીજો અધિકાર કહે છે-

**इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारंभिज्जा नेवन्नेहिं दंडं समारंभाविज्जा, दंडं समारंभंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि-न कारवेमि-करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहमि अप्पाणं वेसिरामि ॥ सू. २ ॥**

इच्चेसिं (इति एतेपाम्) = એ રીતે (આ ઉપર કહ્યા) તે છ જીવનિકાયના दंडं = દંડને (સંઘટ્ટનં પરિતાપનં સંક્રમણં વગેરેને) सयं नेव समारंभिज्जा = સ્વયં નહિ જ કરવો, નોકર-ચાકરાદિ બીજા કોઈના દ્વારા એવો દંડ નહિ જ કરાવવો અને કોઈ બીજાઓ એવો દંડ કરતા હોય તેઓને (કે તે દંડને) નહિ જ અનુમોદવા જોઈએ. (એ પ્રમાણે ભગવાનનું ઉપદેશ વચન સાંભળીને શિષ્ય સ્વગુરુ સમક્ષ કહે

છે કે) भंते ! = હે ભગવંત ! (હું પણ) જીવતાં સુધી तिविहं = ત્રણ પ્રકારના દંડને, (એ ત્રણ પ્રકારો કહે છે કે-) न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि = સ્વયં કરું નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ, तिविहेणं = ત્રણ સાધનો વડે, (એ સાધનો કહે છે કે-) मणेणं वायाए काएणं = મનથી, વચનથી અને કાયાથી, (એમ દંડને તજીને પૂર્વે કરેલા દંડનું પ્રાયશ્ચિત કરતાં કહે છે કે-) तस्स = તેનું (ભૂતકાળે કરેલા દંડનું) भंते = હે ભગવંત ! पडिक्कमामि = પ્રતિક્રમણ કરું છું. (મિચ્છા મિ દુક્કડં દઉં છું,) निंदामि = (આત્મસાક્ષીએ તેને) નિંદું છું, गरिहामि = (ગુરુની સાક્ષીએ) ગર્હું છું (અને મારા તે પાપકારી) अप्पाणं = આત્માને (પર્યાયને) वोसिरामि = વોસિરાવું (તજું) છું. (સૂ. ૨)

જેનાથી અન્ય જીવને કોઈ પ્રકારનું દુઃખ થાય તેવી સઘળી પ્રવૃત્તિને દંડ કહેવાય. ગુરુ ભગવંતો

ઉપદેશ સંભળાવે ત્યારે શિષ્યનું કર્તવ્ય છે કે તેણે તેનો સ્વીકાર કરવો જોઈએ. એથી અહીં શિષ્ય જાવજ્જીવ માટે પ્રતિજ્ઞા કરે છે. મૂળ પાઠમાં 'करेमि०' વગેરે પદોમાં વર્તમાનકાલનો પ્રયોગ છે તે ભવિષ્ય અર્થે સમજવો અર્થાત્ આજથી જીવતા સુધી દંડના ત્યાગની પ્રતિજ્ઞા સમજવી. વળી ગુરુના આમંત્રણ માટે 'भंते' પદ છે, એથી 'પ્રત્યેક પ્રતિજ્ઞા-વ્રત-નિયમાદિ ગુરુ સમક્ષ કરવાં જોઈએ' એમ સમજાવ્યું છે. ત્રિવિધ ત્રિવિધથી એટલે 'ત્રણ યોગ દ્વારા-ત્રણ પ્રકારની ક્રિયાથી' વિરામ પામવાનું સમજવું.'

પૂર્વપાપનું પ્રતિક્રમણ એટલે અનુમોદનાનો ત્યાગ, નિંદા એટલે આત્મસાક્ષીએ અને ગર્હા એટલે ગુરુ સમક્ષ પાપની કબૂલાત કરી તેનો વિરોધ કરવો, એમ ભેદ સમજવો. 'આત્માને વોસિરાવું છું' એટલે ભૂતકાળના પાપી પર્યાયને તજું છું. એમ તે તે શબ્દોનો તે તે ભાગ હવે પછીનાં સૂત્રોમાં પણ સમજવો. આ રીતે પાપોનું પ્રતિક્રમણ-નિંદા, ગર્હા

વગેરે કરવાથી પાપની અનુમોદના અટકે છે, માટે તે કરણીય છે. ન કરવાથી 'અનિપિદ્ધં અનુમતં' એ ન્યાયે અનિષેધ-અનુમોદના દ્વારા કર્મબંધ ચાલુ રહે છે. સૂ૦-૨.

**એ કારણે હવે મહાવ્રતોનો ત્રીજો અધિકાર કહે છે-**

**पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं । सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा-बायरं वा, तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाइज्जा-नेवन्नेहिं पाणे अइवायाविज्जापाणे अइवायंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं तिविहणं, मणेणं-वायाए-काएणं, न करेमि-न कारवेमि-करंतं पि अन्नं न समणुजाणामे, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वेसिरामि । पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥ १ ॥ सू. ३ ॥**

ગુરુને ઉદ્દેશીને भंते ! = હે ભગવન્ ! (પહેલા મહાવ્રતમાં જીવોના પ્રાણોનો નાશ કરવા રૂપ પ્રાણાતિપાતથી વિરમવાનું-અટકવાનું શ્રી તીર્થંકર

ભગવંતે કહેલું છે, માટે તે કરવું જોઈએ એમ સમજીને) હે ભગવંત ! હું सव्वं = સર્વ જીવોના (સર્વ પ્રકારના) પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરું છું. (તેને તજું છું), તે આ પ્રમાણે-સૂક્ષ્મ છે કે બાદર, (તેમાં પણ) ત્રસ કે સ્થાવર (કોઈ પણ) જીવના પ્રાણોનો, (અર્થાત્ ઈન્દ્રિયો બળ શ્વાસો૦ કે-આયુષ્યનો) હું સ્વયં અતિપાત (નાશ કરું નહિ, બીજા કોઈના દ્વારા પ્રાણોનો અતિપાત કરાવું નહિ અને બીજો કોઈ પ્રાણોનો અતિપાત કરે તેને સારો માનું નહિ. (અનુમોદું નહિ.) જીવું ત્યાં સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, એટલે મન-વચન અને કાયાથી, સ્વયં કરું નહિ. બીજા દ્વારા કાવું નહિ અને બીજો કરે તેને સારો માનું નહિ. હે ભગવંત ! (ભૂતકાળમાં કરેલા) तस्स = તે પ્રાણાતિપાતનું પ્રતિક્રમણ કરું છું, (આત્મ સાખે) નિન્દું છું, (આપની સમક્ષ) ગર્હા કરું છું, અને મારા તે આત્માને વોસિરાવું છું (તજું છું). હે ભગવંત !

પહેલા મહાવ્રતમાં હું સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી વિરમવા માટે उवट्ठिओमि = ઉપસ્થિત (આદરવાળો) થયો છું, અર્થાત્ પ્રાણાતિપાતથી અટકવાના પરિણામ (અધ્યવસાય)વાળો થયો છું.-૧. (સૂ. ૩)

શબ્દાર્થ ઉપરના સૂત્ર પ્રમાણે. સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા જીવોની હિંસા થઈ શકતી નથી માટે અહીં 'સૂક્ષ્મ' એટલે 'અલ્પ (ન્હાનો)' સમજવો. આ સૂક્ષ્મ અને બાદર બન્નેના ત્રસ અને સ્થાવર એમ બે બે ભેદો છે, તેમાં કુન્થુઆ વગેરે સૂક્ષ્મત્રસ અને અતિ બારીક વનસ્પતિ આદિ સૂક્ષ્મસ્થાવરો જાણવા. ગાય-બળદ વગેરે બાદરત્રસ અને પ્રગટ દેખાય તેવા પૃથ્વી પાણી વગેરે બાદરસ્થાવર જાણવા.

'સર્વ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરું છું' એમાં 'સર્વ' શબ્દથી સંતાપ-સંઘટ્ટન-ઉપદ્રવ વગેરે કોઈ પ્રકારે પીડા કરવાનું પણ તજું છું. એમ કહેલું છે 'उवट्ठिओमि' પદથી અધ્યવસાય વિના

પચ્ચક્ખાણ નિષ્ફળ છે, એમકહી પ્રત્યેક પચ્ચક્ખાણ તેના પરિણામપૂર્વક કરવું જોઈએ.' એમ નિશ્ચયનયને આશ્રીને કહેલું છે. વ્યવહારનયથી પણ તે તે અધ્યવસાયોને પ્રગટાવવાનું ધ્યેય પણ ન હોય, તે પચ્ચક્ખણને મૃષાવાદ કહ્યો છે. ક્રિયા ધર્મના પ્રયત્ન-સાધનરૂપ છે અને ધર્મ આત્માના અધ્યવસાયરૂપ કે તેને પ્રગટાવવાનું ધ્યેય, એકે ન હોય તો ક્રિયા કરવા છતાં ધર્મ ગણાતો નથી.

પ્રાણાતિપાતના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, એમ ચાર ભેદો છે. તેમાં ૧-દ્રવ્યથી છ જીવનિકાય પૈકી કોઈપણ જીવદ્રવ્યનો પ્રાણાતિપાત, ૨-ક્ષેત્રથી ઊર્ધ્વ-અધો કે તિર્ચ્છાલોકમાં કોઈ સ્થળે ૩-કાળથી ભૂત-ભવિષ્ય કે વર્તમાનકાળે, અથવા રાત્રે કે દિવસે કોઈ સમયે અને ૪-ભાવથી રાગદ્વેષાદિ કોઈપણ દુષ્ટ અધ્યવસાયને યોગે થએલો પ્રાણાતિપાત સમજવો.

એમાં પણ દ્રવ્ય અને ભાવ બે ભેદોની

ચતુર્ભંગી થાય છે.

૧-કોઈપણ દુષ્ટ પરિણામને વશ થઈ પ્રાણાતિપાત કરવો તે દ્રવ્ય અને ભાવ ઉભયથી પ્રાણાતિપાત.

૨-જયણાના પરિણામ છતાં અનુપયોગાદિથી થાય તે દ્રવ્યથી પ્રાણાતિપાત ભાવથી નહિ.

૩-પ્રાણાતિપાતની ઈચ્છા કરવી, કે તેવો ઉપાય કરવા છતાં કોઈ કારણે સામો જીવ બચી જાય ત્યારે દ્રવ્યથી નહિ પણ માત્ર ભાવથી.

અને ૪-શુભ અધ્યવસાય, ઉપયોગ અને જયણાપૂર્વક વર્તવાથી જીવ બચી જાય તે દ્રવ્યથી નહિ અને ભાવથી પણ નહિ.

એ ચારમાં પહેલો-ત્રીજો બે ભાંગા દુષ્ટ અધ્યવસાયયુક્ત હોવાથી તેનાથી વ્રતની વિરાધના થાય, બીજાથી અતિચાર લાગે અને ચોથો શુદ્ધ કહ્યો છે. ઈત્યાદિ પ્રાણાતિપાતનું સ્વરૂપ સમજીને વ્રતપાલન માટે ઉદ્યત રહેવું. સૂ૦-૩.

હવે બીજું મહાવ્રત કહે છે-

अहावरे दुच्चे भंते ! महवव्ए मुसावायाओ वेरमणं । सव्वं भंते ! मुसावायं पच्चक्खामि. से कोहा वा-लोहा-वा-भया वा-हासा वा, नेव सयं मुसं वइज्जा - नेवन्ने हिं मुसं वाया विज्जा-मुसं वयंते वि अन्ने न समणुजाणामि. जावज्जीवाए. तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि. तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । दु( दो )च्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥ २ ॥ सू. ४ ॥

अहावरे = હવે અપર એટલે પછીના दुच्चे महव्वए = બીજા મહાવ્રતમાં મૃષાવાદથી અટકવાનું (જિનેશ્વરોએ કહ્યું છે, માટે તેને ઉપાદેય સમજીને) હે ભગવંત ! હું સર્વ પ્રકારના મૃષાવાદને પચ્ચક્ખું (તજું) છું. તે આ પ્રમાણે कोहा = ક્રોધથી, लोहा = લોભથી, भया = ભયથી, हासा = હાસ્યથી (સર્વત્ર 'वा = અથવા' સમજવું) સ્વયં મૃષા બોલું નહિ,

બીજા દ્વારા બોલાવરાવું નહિ અને બીજા કોઈ બોલે તેને પણ સારા માનું નહિ. જીવતાં સુધી ત્રણે સાધનોથી (એટલે) મનથી, વચનથી અને કાયાથી, ત્રણ પ્રકારે (એટલે) સ્વયં લેશમાત્ર મૃષાભાષણ કરું નહિ, બીજા દ્વારા કરાવું નહિ અને બીજો કોઈ કરે તેને સારો માનું નહિ. હે ભગવંત ! ભૂતકાળમાં કરેલા तस्स = તે મૃષાભાષણને હું પ્રતિક્રમું છું, નિંદુ છું, ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) વોસિરાવું (તજું) છું. હે ભગવંત ! બીજા મહાવ્રતમાં હું સર્વ પ્રકારના મૃષાવાદથી અટકવાના પરિણામવાળો થયો છું. (સૂ. ૪)

અહીં ક્રોધ અને લોભ, એ પહેલા-છેલ્લા બે કષાયો કહેવાથી વચ્ચેના બે-માયા અને લોભ પણ સમજી લેવા. તથા ભયથી અને હાસ્યથી કહ્યું તેના ઉપલક્ષણથી રાગના દ્વેષથી કે અભ્યાખ્યાન વગેરેથી, એમ સર્વ દોષોથી મૃષા બોલવાનો ત્યાગ સમજી લેવો. તથા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સંબંધી

પણ મૃષા ભાષણનો ત્યાગ સમજવો. જેમ હણવાથી હિંસા થાય છે તેમ મૃષા બોલવાથી પણ હિંસા થાય છે. અહીં પણ દ્રવ્ય-ભાવ બેની પહેલા વ્રતની જેમ ચતુર્ભંગી થાય છે. તેમાં છેલ્લો ભાંગો શૂન્ય સમજવો.

ભાષા એક પ્રકારનું ચિત્ર છે, ચિત્રની જેમ તે શુભ (સત્ય) બોલાય તો શ્રોતાને શુભભાવ અને અસત્ય બોલાય તો અશુભભાવ પ્રગટ કરે છે. કયું વચન સત્ય કહેવાય ? વગેરે વિસ્તારથી પછીના વાક્ શુદ્ધિ અધ્યયનમાં કહેવાનું હોવાથી ભાષા, તેના પ્રકારો વગેરે ત્યાં કહેવાશે. સૂ૦-૪.

**હવે ત્રીજું મહાવ્રત કહે છે-**

**अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमण । सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि. से गामे वा-नगरे वा-रण्णे वा, अप्पं वा-बहुं वा, अणुं वा-थूलं वा, चित्तमतं वा-अचित्तमंतं वा. नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्न गिण्हाविज्जा, अदिन्न गिण्हते वि अन्ने न समणुजाणामि,**

जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥ ३ ॥ सू. ५ ॥

હવે અપર એટલે પછીના ત્રીજા મહાવ્રતમાં હે ભગવંત ! अदिन्नादाणाओ = અદત્ત વસ્તુ લેવાથી વિરમવાનું (અટકવાનું) કહેલું છે, માટે હે ભગવંત ! હું સર્વ अदिन्नादाणं = અદત્તાદાનને પચ્ચક્ખું છું. તે આ પ્રમાણે-ગામમાં નગરમાં કે અરણ્યમાં, એના ઉપલક્ષણથઈ ક્ષેત્રના ખળામાં વગેરે સર્વત્ર अप्पं = મૂલ્યથી અલ્પ કે बहुं = મૂલ્યવાન રત્નાદિ, अणुं = પ્રમાણથી ન્હાનું (હીરા-માણેક મોતી આદિ) કે थूलं = પ્રમાણથી મોટું (લાકડું વગેરે), તે પણ चित्तमंतं = ચૈતન્યયુક્ત (સજીવ), અથવા अचित्तमंतं = ચૈતન્ય રહિત (નિર્જીવ), કંઈ अदिन्नं = માલિકે આપ્યા વિના હું

સ્વયં લઉં નહિ. આપ્યા વિનાનું બીજા દ્વારા લેવરાવું નહિ અને માલિકે આપ્યા વિનાનું કોઈ બીજા લે તેઓને સારા માનું નહિ. જીવતાં સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, એટલે મનથી-વચનથી અને કાયાથી-એ અદત્તાદાન હું કરું નહિ. કરાવું નહિ, કે બીજા કરનારને સારો માનું પણ નહિ. હે ભગવંત ! પૂર્વે કરેલા તે અદત્તાદાનને પ્રતિક્રમું છું, નિન્દું છું, આપની સમક્ષ ગર્હું છું અને તે મારા આત્માને (પર્યાયને) તજાું છું. હે ભગવંત ! (એ રીતે) હું ત્રીજા મહાવ્રતમાં સર્વ અદત્તાદાનથી અટકવા ઉપસ્થિત (આદરવાળો) થયો છું. ૩-(સૂ. ૫)

અદત્તાદાન દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે થઈ શકે. કોઈ દ્રવ્ય લેવું તે દ્રવ્યથી, ઘર-ગામ વગેરેમાં ક્ષેત્રથી, રાત્રે કે દિવસે લેવું તે કાળથી અને રાગાદિ દોષોને વશ બનીને લેવું તે ભાવથી જાણવું. મહાવ્રતીને માલિકની સંમતિ વિના તૃણ-ભસ્મ જેવી ક્ષુદ્ર વસ્તુ

લેવાની, કે રજા વિના માલિકીના સ્થળે ઊભા રહેવાની ક્યારે પણ, કોઈ પણ પરિસ્થિતિમાં આજ્ઞા નથી. અદત્ત લીધા વિના જ, માત્ર લેવાનું વિચારવાથી પણ ભાવથી કર્મબંધ થાય છે. એટલું જ નહિ, બીજાને અપ્રીતિ આદિ થાય તે રીતે રાજમાર્ગનો ઉપયોગ કરવાથી પણ અતિચાર કહ્યો છે. પહેલા વ્રતની જેમ આમાં પણ દ્રવ્ય-ભાવના યોગે ચાર ભાંગા થાય છે, તેમાં ચોથો ભાંગો શૂન્ય સમજવો. સૂ૦ ૫.

**હવે ચોથું મહાવ્રત કહે છે-**

**अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं । सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा-माणुसं वा-तिरिक्खजोणियं वा, नेव संय मेहुणं से विज्जा, नेवऽन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेणं-वायाए-काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाो मेहुणाओ वेरमणं ॥ ४ ॥ स. ६ ॥**

હવે પછીના ચોથા મહાવ્રતમાં હે ભગવંત ! **मेहुणाओ** = (સ્ત્રી-પુરુષના) મૈથુનકર્મથી અટકવાનું કહેલું છે. માટે હે ભગવંત ! હું સર્વમૈથુનને પચ્ચક્ખું છું. તે આ પ્રમાણે **दिव्वं** = દિવ્ય (દેવ-દેવી સંબંધી), **माणुसं** = મનુષ્યનું (પુરુષ-સ્ત્રી સંબંધી), અથવા **तिरिक्खजोणियं** = તિર્યંચ-પશુયોનિનું (નર માદા સંબંધી), હું સ્વયં એ મૈથુનને સેવું નહિ. બીજાઓને સેવરાવું નહિ અને બીજા સેવનારાઓને સારા માનું નહિ, જીવતાં સુધી, ત્રિવિધ-ત્રિવિધ ભાંગે, (એટલે) મનથી વચનથી અને કાયાથી, એ મૈથુનકર્મને હું કરું (સેવું) નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! પૂર્વે સેવેલા તે મૈથુનનું હું પ્રતિક્રમણ કરું છું, નિન્દુ છું, ગર્હા કરું છું, અને સેવનારા તે મારા પાપી આત્માને (પર્યાયને) તજાું છું, (એ રીતે) હે ભગવંત ! હું

ચોથા મહાવ્રતમાં સર્વમૈથુનથી અટકવા માટે ઉપસ્થિત (આદરવાળો) થયો છું-૪. (સૂ. ૬)

મૈથુનના પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર ભાંગા થાય છે. તેમાં દ્રવ્યથી રૂપી કે રૂપસહગત સ્ત્રી પુરુષ સાથે મૈથુન. અહીં નિર્જીવ પ્રતિમા ચિત્રો ઈત્યાદિ 'રૂપી' અને સજીવ સ્ત્રી કે પુરુષ વગેરે 'રૂપસહગત' જાણવા અથવાબીજી રીતે એ બે ભેદો સજીવ-નિર્જીવ બન્ને પ્રકારનાં સ્ત્રી પુરુષ આદિના સમજીને વસ્ત્રો-ભૂષણાદિ રહિત તે 'રૂપી' અને સહિત હોય તે 'રૂપસહગત એમ બેમાં ભેદ સમજવો. અહીં પણ દ્રવ્ય અને ભાવની ચતુર્ભંગી થાય છે. મૈથુન-સંજ્ઞાપરિણત આત્માને ભોગની પ્રાપ્તિ ન થાય તો પણ ભાવથી, પ્રાપ્તિ થાય તો દ્રવ્ય-ભાવ ઉભયથી, સંજ્ઞાના અભાવે પણ કોઈ બલાત્કાર કરે તો માત્ર દ્રવ્યથી મૈથુન અને ચોથો ભાંગો શૂન્ય છે. સૂ૦-૬.

હવે પાંચમું મહાવ્રત કહે છે-

अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ वेरमणं । सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा-बहुं वा, अणुं वा-थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवऽन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणा मि, जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न करावेमि करंतंपि अन्न न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥ ५ ॥ सू. ७ ॥

હવે તે પછીના પાંચમાં મહાવ્રતમાં હે ભગવંત ! પરિગ્રહથી અટકવાનું કહેલું છે. માટે હે ભગવંત ! હું સર્વપરિગ્રહને પચ્ચક્ખું છું. તે આ પ્રમાણે - મૂલ્યથી અલ્પ કે બહુ (મૂલ્યવાન્) તે પણ પ્રમાણથી ન્હાનું કે મોટું, તે પણ સચિત્ત કે અચિત્ત, એવા કોઈ પદાર્થમાં હું સ્વયં પહિગ્રહ (મૂર્છા-મમત્વ) કરું નહિ, બીજા દ્વારા કોઈ વસ્તુમાં પરિગ્રહ કરાવું નહિ, અને બીજાઓ કોઈ પદાર્થમાં

પરિગ્રહકરે તેને સારા માનું નહિ. જીવતાં સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, (એટલે) મનથી વચનથી કે કાયાથી-કરું નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ, હે ભગવંત ! ભૂતકાલમાં મેં કરેલા તે પરિગ્રહને (મમત્વને) પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પાપી પર્યાયને) વોસિરાવું છું. હે ભગવંત ! પાંચમા મહાવ્રતમાં સર્વપરિગ્રહથી અટકવા માટે હું ઉપસ્થિત (આદરવાળો) થયો છું. (૫) (સૂત્ર-૭)

પછી કહેવાશે તે 'मुच्छा परिग्गहो वुत्तो' એ વચનથી વસ્તુ રાખવી કે ભોગવવી તે પરિગ્રહ નથી, પણ 'છતી-અછતી વસ્તુમાં મમત્વ કરવું' તે પરિગ્રહ છે. અન્યથા શરીર પણ પરિગ્રહરૂપ બને. કોઈને દીક્ષા અપાય નહિ, ઈત્યાદિ સંયમનો (મોક્ષનો) માર્ગ જ અટકી જાય. અહીં સચિત્તપરિગ્રહનો પણ નિષેધ કરવાથી શિષ્યાદિ પ્રત્યે મમત્વ થાય તો તે પણ પરિગ્રહ ગણાય. એ પ્રમાણે વસ્ત્ર-પાત્ર-આહાર-

સ્થાન કે શ્રાવકાદિ ગૃહસ્થોના પ્રતિબંધ (મમત્વ)ને પણ પરિગ્રહ સમજવો. રાગનો ઉદય હોય ત્યાં સુધી સર્વથા પરિગ્રહથી બચવું દુષ્કર છે, માટે આ વ્રતપાલનથી સૂક્ષ્મબાદર અતિચારોને ટાળવા સતત ઉદ્યમ રાખવો.

નિશ્ચયથી તો સંયમનાં અનુષ્ઠાનનો દુરાગ્રહ કરવો, ગુર્વાદિની આજ્ઞા-ઈચ્છા વિના પણ તપ-જપ કે ઉગ્ર વિહારાદિ કરવા ઈત્યાદિ સ્વઈચ્છાના આગ્રહરૂપ હોવાથી પરિગ્રહ કહ્યો છે. પરિગ્રહના પણ દ્રવ્યાદિ ચાર ભેદો છે. દ્રવ્યથી-વિવિધ દ્રવ્યોમાં, ક્ષેત્રથી-સર્વલોકમાં, કાળથી-કોઈપણ કાળમાં અને ભાવથી-રાગ-દ્વેષાદિના પક્ષને પરિગ્રહ સમજવો. પરિગ્રહ રાગથી થાય તેમ કોઈ ઉપરના દ્વેષથી પણ થાય, એમ અનેક પ્રકારે ભાવપરિગ્રહ ગણાય.

આ વ્રતમાં પણ દ્રવ્ય-ભાવ ભેદે ચાર ભાંગા થાય છે. ૧-રાગ-દ્વેષ વિના ધર્મોપકરણ રાખવાં તે દ્રવ્યથી પરિગ્રહ અને ભાવથી અપરિગ્રહ, ૨-મૂર્ચ્છા

કરવા છતાં તેની પ્રાપ્તિ ન થાય તો ભાવથી પરિગ્રહ અને દ્રવ્યથી અપરિગ્રહ. ૩-મમત્વવાળાને ઈષ્ટ વસ્તુ મળે તો દ્રવ્ય-ભાવ ઉભયથી પરિગ્રહ અને ચોથો ભાંગો શૂન્ય છે. સૂ૦-૭.

હવે છટ્ઠું વ્રત કહે છે-

**अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं । सव्वं भंते ! राईभोयणं पच्चक्खामि. से असणं वा पाणं वा खाइमं चा साइमं वा नेव सयं राई भुंजिज्जा, नेवन्नेहिं राइ, भुंजा विज्जा, राई भुंजते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्न न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । छट्ठे भंते ! वए उवट्ठिओमि सव्वाओ राईभोयणाओ वेरमणं ॥ ६ ॥ सू. ८ ॥**

હવે તે પછીના છટ્ઠા વ્રતમાં હે ભગવંત ! રાત્રિભોજનથી અટકવાનું કહેલું છે, માટે હે ભગવંત ! હું સર્વ-રાત્રિભોજનનો ત્યાગ કરું છું,

તે આ પ્રમાણે - અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ આદિ ચારે આહારનું હું સ્વયં રાત્રે ભોજન કરું નહિ, બીજાઓ દ્વારા રાત્રે ભોજન કરાવું નહિ અને બીજા રાત્રે ભોજન કરનારાને સારા માનું નહિ, જીવતાં સુધી, ત્રિવિધથી-ત્રિવિધથી, (અર્થાત્) મનથી વચનથી અને કાયાથી-(રાત્રિભોજન) કરું નહિ, કરાવું નહિ, બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (ભૂતકાલે કરેલા) તે રાત્રિભોજનને પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) તજું છું. હે ભગવંત ! છટ્ઠા વ્રતમાં હું સર્વથા રાત્રિભોજનથી અટકવા માટે આદરવાળો થયો છું. (સૂ. ૮)

**इच्चे( इ )याइं पंचमहव्वयाइं राइभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ता ण विहरामि ॥ सू० ९ ॥**

इच्चेइयाइं = એ રીતે પાંચ મહાવ્રતોને, જેની સાથે રાત્રિભોજન વિરમણ વ્રત છટ્ઠું છે, તેને (છને) अत्तहियट्ठयाए = આત્મહિતાર્થે (મોક્ષ માટે) उवसंपज्जित्ता = સ્વીકારીને विहरामि = વિચરીશ.

(સદાચારોના પાલન દ્વારા તેનું હું પાલન કરીશ). (સૂ. ૯)

આ રાત્રિભોજન વિરમણ વ્રત પહેલા-છેલ્લા તીર્થંકરોના શાસનમાં મૂલગુણ તરીકે જણાવેલું હોવાથી મહાવ્રતોની સાથે તેને છટ્ઠું વ્રત કહ્યું છે અને બાવીસ તીર્થંકરોના શાસનમાં તેને ઉત્તરગુણ કહેલો છે. આહારસંજ્ઞા એવી બળવતી છે કે તે સંજ્ઞાને વશ જીવહિંસાદિ સર્વ પાપો અનંતા કાળથી કરતો આવ્યો છે. ક્રૂર માંસાહારી વગેરે જીવન મળે, તે આ સંજ્ઞાનું ફળ છે, ક્ષુધાપીડિત પ્રાણીઓ શું શું અકાર્ય નથી કરતાં ? અને કયાં કયાં દુઃખો નથી વેઠતાં ? તે કહી શકાય તેમ નથી. એ કારણે સર્વથા આહાર વિના જીવાય નહિ ત્યાં સુધી શક્ય ત્યાગ કરવો આવશ્યક છે. શારીરિક દૃષ્ટિએ પણ રાત્રિભોજન અહિતકર છે, રાત્રિભોજનના વિવિધ દોષો અનેક શાસ્ત્રોમાં કહેલાં છે.

વિદ્વદ્વર્ય ઉપા૦ શ્રી યશોવિજયજી ગણિવરે તો निशाभक्ते स्वरुपतो दूषितत्वविचारप्रकरणम् નામનો ગ્રન્થ રચીને રાત્રિભોજનની પણ હિંસા-જૂઠ વગેરે

આશ્રવોની જેમ સ્વરૂપથી દુષ્ટતા વર્ણવી છે. એમ રાત્રિભોજન હિંસાની અપેક્ષાયે ત્યાજય છે અને સ્વરૂપથી પણ દુષ્ટ છે. તેનો ત્યાગ કર્યા વિના અહિંસાદિનું શુદ્ધ પાલન શક્ય જ નથી, માટે શ્રમણધર્મમાં આકરી આપત્તિ પ્રસંગે પણ ચારે આહારના રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કહેલો છે.

તેના પણ દ્રવ્યાદિ ચાર ભેદો છે, તેમાં દ્રવ્યથી-અશનાદિ ચારે પ્રકારનું દ્રવ્ય, ક્ષેત્રથી-(અઢી દ્વીપમાં જ દિવસ-રાત્રિ હોવાથી) અઢીદ્વીપ ક્ષેત્ર, કાળથી-રાત્રે કે દિવસે (ચાર દોષોમાં એક-રાત્રિએ લાવેલું રાત્રે, બીજો-રાત્રિએ લીધેલું દિવસે, ત્રીજો-દિવસે લીધેલું રાત્રે અને ચોથો-દિવસે લીધેલું અન્ય દિવસે વાપરવું એમ ચાર દોષો કહ્યા છે) અને ભાવથી શુભાશુભ વર્ણાદિમાં રાગ-દ્વેષાદિને વશ થવું, એમાં પણ દ્રવ્યભાવ ભેદ ચતુર્ભંગી થાય છે, તેનો ચોથો ભાંગો શૂન્ય સમજવો. સૂ૦ ૮.

આ છએ વ્રતો વિના આશ્રવરોધ થતો નથી અને આશ્રવરોધ વિના મુક્તિ થતી નથી. મોક્ષના

જ ઉદ્દેશથી કરેલું વ્રતોનું પાલન સફળ થાય છે, માટે 'આત્મહિતાર્થે' પદ કહ્યું છે અને વ્રતના સ્વીકાર માત્રથી સફળતા થતી નથી પરંતુ તે વ્રતોનું યથાર્થ પાલન કરવું જોઈએ, માટે 'विहरामि' પદ કહ્યું છે. વ્રતો સ્વીકારીને તેના પાલન માટે સત્ત્વ કેળવવાથી જ દીક્ષા સફળ થાય છે, અન્યથા ભવભ્રમણ વધવાનો સંભવ છે. અહિંસાદિ વ્રતોના અનાદરથી અનુક્રમે અલ્પાયુ, જીહ્વા-છેદ, દરિદ્રતા, નપુંસકતા વગેરે વિવિધ દુઃખો ભોગવવા પડે છે.

આ પ્રત્યેક વ્રતના અસંયોગી ભાંગા ૧૪૭ થાય છે. તેમાં સાધુને છેલ્લા ૧૪૭મા ભાંગે વ્રતપાલન કરવાનું કહ્યું છે. તે ભાંગા આ પ્રમાણે સમજવા. ૧-મનથી, ૨-વચનથી, ૩-કાયાથી, ૪-મન-વચનથી, ૫-મન-કાયાથી, ૬-વચન-કાયાથી, ૭-મન-વચન કાયાથી, (પ્રાણાતિપાતાદિ) કરું નહિ. એ (એક-દ્વિ-ત્રિસંયોગી મળીને) સાત ભાંગા માત્ર 'કરું નહિ' એ એક ક્રિયાના થાય. એ જ પ્રમાણે ૨-કરાવું નહિ, ૩-અનુમોદું નહિ, ૪-કરું-

કરાવું નહિ, ૫-કરું અનુમોદું નહિ. ૬-કરાવું-અનુમોદું નહિ અને ૭-કરું-કરાવું-અનુમોદું નહિ, એમ સાત પ્રકારની ક્રિયાના સાત સાત ગણતાં ઓગણપચાસ ભાંગા થાય, તેને ત્રણ કાળે ગણતાં ૧૪૭ થાય. એમાં સાધુને છેલ્લા ભાંગે, અર્થાત્ ત્રણે કાળના પ્રાણાતિપાતાદિને મન-વચન-કાયાથી, ન કરું ન કરાવું અને ન અનુમોદું, એ ત્રિવિધ ભાંગાથી ત્યાગ કહ્યો છે. ૯.

હવે ચોથા અધિકારમાં છ કાયની યતના કહે છે, તેમા પ્રથમ પૃથ્વીકાયની યતના માટે કહે છે કે-

से भिक्खू वा, भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिआ वा, राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से पुढवीं वा भित्तिं वा सिलं वा लेलुं वा ससरक्खं वा कायं, ससरक्खं वा वत्थं, हत्थेण वा पाएण वा कट्ठेण वा किलिंचेण वा अंगुलियाए वा सिलागए वा सिलागहत्थेण वा, न आलिहिज्जा न विलिहिज्जा न घट्टिज्जा न भिंदिज्जा, अन्नं न आलिहाविज्जा न विलिहाविज्जा न घट्टाविज्जा न भिंदाविज्जा, अन्नं आलिहंतं वा विलिहंतं वा

घट्टंतं वा भिदतं वा न समणुजाणामि, जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ १ ॥ सूत्र १० ॥

संजय = (સત્તરવિધ સંયમ પાળવાથી) સંયત, विरय = (વિવિધ પ્રકારના તપમાં રત હોવાથી) વિરત અને पडियपच्चक्खायपावकम्मे = જેણે પાપકર્મોને પ્રતિહત કરીને પચ્ચક્ખાણ કર્યું છે, (તેમાં ગ્રન્થિભેદથી જ્ઞાનાવરણીયાદિ કર્મોની સ્થિતિ ટૂંકી કરવી તે પ્રતિહત અને એ સ્થિતિ બાંધવાના હેતુઓ તજીને પુનઃ તેને વૃદ્ધિ ન પમાડવી તે પ્રત્યાખ્યાત = પચ્ચક્ખાણ કર્યું કહેવાય) એવો से = તે भिक्खू = સાધુ અથવા भिक्खूणी = સાધ્વી, દિવસે કે રાત્રે, (કારણવશાત્) એકલા કે परिसागओ = સાધુની પર્ષદામાં રહેલો, सुत्ते = (રાત્રીએ) સુતેલો કે जागरमाणे = દિવસે જાગતો, એવો से = તે સાધુ पुढवीं = (ઢેફાં કાંકરા રહિત) પૃથ્વીને, भित्तिं = નદીના કાંઠાને (તટને), सिलं वा = (પત્થરની)

શિલાને, **लेलुं** = લેષ્ટુને (માટીના ઢેફાને), **ससरक्खं** = અરણ્યની સચિત્તરજથી ખરડાએલી **कार्य** = કાયાને, એવી રજથી ખરડાયેલા **वत्थं** = વસ્ત્રને (તથા ઉપલક્ષણથી પાત્રાદિ કોઈ ઉપકરણને, એ પદાર્થોને) હાથથી, પગથી **कट्ठेण** = કાષ્ઠથી, **किलिंचेण** = ક્ષુદ્રકાષ્ઠથી (સાંઠીગડાથી કે અંગુલીથી), **सिलागए** = (લોખંડની સળી) સળિયાથી, **सिलागहत्थेण** = અનેક સળિયાંથી (સાણસા આદિથી, એવા કોઈ પણ સાધન વડે) સ્વયં ન **आलिहिज्जा** = આલેખન કરે નહિ, (ખોદે ખોતરે નહિ. **न विलिहिज्जा** = વિલેખન કરે નહિ, (વારંવાર કે જોરથી ખોદે-ખોતરે નહિ), **न घट्टिज्जा** = સંઘટ્ટન કરે (હલાવે ચલાવે) નહિ અને **न भिंदिज्जा** = ભેદ (ટુકડા કરે નહિ. બીજા દ્વારા પણ એ આલેખન, વિલેખન, સંઘટ્ટન તથા ભેદ કરાવે નહિ અને બીજો કોઈ આલેખન, વિલેખન, સંઘટ્ટન કે ભેદ કરે તેને સારો માને નહિ. (માટે) હું જીવતાં સુધી ત્રિવિધ ત્રિવિધથી, અર્થાત્ મનથી વચનની અને કાયાથી,

એવું કરું નહિ, કરાવું નહિ, કે કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (પૂર્વે કરેલા) તે પાપને પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે આત્માને (પર્યાયને) તજાું છું-૧ (સૂ. ૧૦)

છ કાયના આરંભનો ત્યાગ કરેલો હોવાથી ધર્મના સાધનભૂત દેહના રક્ષણ માટે ભિક્ષાવૃત્તિથી જીવવું જોઈએ, એમ જણાવવા માટે 'भिक्खू' કહ્યું છે. સંયત-વિરત-પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકમાં,વગેરે ગુણો વિના સાધુધર્મનું પાલન ન થાય, માટે તે વિશેષણો છે. શુભા-શુભ નવ કારણે સાધુ એકલો પણ હોય, માટે 'એકલો' એમ કહ્યું છે. નિદ્રામાં પ્રમાદથી પણ વિરાધના સંભવિત હોવાથી 'સુપ્ત' કહ્યું છે. અરણ્યની રજ સચિત્ત-મિશ્ર હોવાથી 'સરજસ્ક' પદ કહ્યું છે. એમ પછીનાં સૂત્રોમાં પંણ સમજવું. સૂ૦-૧૦.

હવે અપકાયની યતનાનો વિધિ કહે છે-

**से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहयपच्च-क्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ**

वा, सुत्ते वा जागरमाणे वा, से उदंग वा, ओसं वा, हिमं वा, महियं वा, करगं वा, हरतणुगं वा, सुद्धोदगं वा, उदउल्लं वा कायं, उदउल्लं वा वत्थं, ससिणिद्धं वा कायं, ससिणिद्धं वा वत्थं, न आमुसिज्जा,त संफुसिज्जा, न आवीलिज्जा, न पवीलिज्जा, न अक्खोडिज्जा, न पक्खोडिज्जा, न आयाविज्जा, न पयाविज्जा: अरनं न आमुसाविज्जा, न संफुसाविज्जा, न आवीलाविज्जा, न पवीलाविज्जा, न अक्खोडाविज्जा, न पक्खोडाविज्जा, न आयाविज्जा, न पयाविज्जा; अन्नं आमुसंतं वा संफुसंतं वा आवीलंत वा पवीलतं वा अक्खोडंतं वा पक्खोडंतं वा आयावंतं वा पयावंतं वा न समणुजाणामि; जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेण, वायाए, काएणः न करेमि न कारवेमि करंत पि अन्न न समणुजाणामि; तस्स भंते ! पडिक्कामि निंदामि गरिहामि अप्पाणं, वोसिरामि ॥ २ ॥ सूत्र ११ ॥

(ઉપર કહ્યો તેવો) સંયત-વિરત અને પ્રતિહત તથા પ્રત્યાખ્યાત કર્યાં છે પાપકર્મો જેણે એવો તે સાધુ કે સાધ્વી દિવસ કે રાત્રે, એકલો કે પર્ષદામાં રહેલો, ઊંઘતો કે જાગતો, उदगं = (કુવા-

વાવ-બોરિંગ-પંપ આદિના) જમીનમાંથી નીકળતા (ઝરણાંના) પાણીને, ओसं = ઝાંકળના (ઠારના પાણીને, हिमं = (કૃત્રિમ અકૃત્રિમ) બરફને, महियं = વાદળની ધુમ્મસને करगं = (વરસાદના) કરાને, हरतयुगं = (જમીન ભેદીને) લીલી વનસ્પતિ ઉપર બાઝેલાં જળબિંદુઓને, सुद्धोदगं = (વર્ષાના) શુદ્ધ પાણીને, વળી એવા કોઈ સચિત્ત પાણીથી उदउल्लं = ભીના નીતરતા कायं = શરીરને, (એ રીતે ભીના નીતરતા) વસ્ત્રને, (કે પાત્રાદિ ઉપકરણોને), તથા ससिणिद्धं = નહિ નીતરતા ભીના શરીરને, તેવા વસ્ત્રાદિને, (એવા કોઈ પાણીને કે શરીર-વસ્ત્રાદિને) સ્વયં न आमुसिज्जा = અલ્પ (કે એકવાર પણ) સ્પર્શ ન કરે, न संफुसिज्ज = જોરથી (કે વારંવાર) ન સ્પર્શે, न आवीलिज्जा = અલ્પ (કે એકવાર) પણ ન પીડે (કચરે નહિ); न पवीलिज्ज = જોરથી (કે અનેકવાર) પીડે નહિ, न अक्खोडिज्जा = અલ્પ (કે એકવાર પણ) સ્ફોટન કરે નહિ (ઝાટકે નહિ), न पक्खोडिज्ज = જોરથી

કે વારંવાર ઝાટકે નહિ, न आयाविज्ज = અલ્પ (કે એકવાર પણ) તપાવે નહિ, न पयाविज्जा = ઘણું (કે ઘણીવાર) તપાવે નહિ, એ રીતે બીજાઓ દ્વારા એ આઠ પૈકી કોઈ વિરાધના કરાવે નહિ અને બીજા કોઈ એ આઠ પ્રકારો પૈકી કોી પ્રકારની વિરાધના કરે તેને સારા માને નહિ, (માટે) હું પણ જીવતાં સુધી. ત્રિવિધ-ત્રિવિધથી (એટલે) મનથી, વચનથી કે કાયાથી-એવું કરું નહિ, કરાવું નહિ, અને બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (ભૂતકાળમાં કરેલા) તે પાપનું પ્રતિક્રમણ, નિંદા અને ગર્હા કરું છું તથા મારા તે પાપી આત્માને (પર્યાયને) વોસિરાવું છું.-૨. (૧૧)

હવે તેઉકાયની જયણાનો વિધિ કહે છે-

**से भिक्खू वा भिक्खुणी वा संजय विरयपडिहयपच्चक्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से अगणिं वा, इंगालं वा, मुम्मुरं वा, अच्चिं वा, जालं वा, अलायं वा, सुद्धागणिं वा, उक्कं वा; न उंजिज्जा न घट्टिज्जा ( न भिंदेज्जा ) न उज्जालिज्जा ( न**

पज्जालिज्जा ) न निव्वाविज्जा; अन्नंन उंजाविज्जा न घट्टाविज्जा ( न भिंदाविज्जा ) न उज्जालाविज्जा ( न पज्जालाविज्जा ) न निव्वाविज्जा; अन्नं उंजंतं वा, घट्टंतं वा, ( भिंदंतं वा ) उज्जालंतं वा ( पज्जालंतं वा ) निव्वावतंवा न समणुजाणामि; जावज्जीवाए, तिविहं तिविहेणं, मणेण वायाए काएणं; न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि; तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ३ ॥ सू० १२॥

સંયત વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાત કર્યાં છે પાપકર્મ જેણે એવો તે ભિક્ષુક કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે, એકલો કે પર્ષદામાં રહેલો, ઊંઘતો કે જાગતો, अगणिं = (તપાવેલા લોખંડમાં રહેલા) અગ્નિને, इंगालं = (ધૂમ-જવાળા રહિત) અંગારાને, मुम्मुरं = (ભરસાડમાં રહેલા) ઝીણા અગ્નિના કણિઆને, अच्चिं = અગ્નિથી છૂટી પડેલી જ્વાલાને, जालं = અગ્નિ સાથે સળગતી જ્વાલાને अलायं = ઉંબાડિયાને सुद्धागांण = (ઇંધણ રહિત) શુદ્ધ અગ્નિને, કે उक्कं = ઉલ્કાને (આકાશથી પડતા વીજળી વગેરેના અગ્નિને), એ કોઈ પ્રકારના

અગ્નિને સ્વયં न उंजिज्जा = ઉંજે નહિ (વધારવા માટે તેમાં કાષ્ઠાદિ કંઈ નાખે નહિ), न घट्टिज्जा = સંઘટ્ટન ન કરે (હલાવે નહિ), न भिंदेज्जा = ભેદે નહિ (ટુકડા ન કરે), न उज्जालिज्जा = (પંખાદિથી પવન નાખીને) ઉજવાલે નહિ, (પ્રદીપ્ત કરે નહિ), न पज्जालिज्जा = (વિશેષ પવનથી કે વારંવાર) પ્રદીપ્ત કરે નહિ અને न निव्वाविज्जा = બૂઝાવે નહિ. એ રીતે अन्नं = બીજા દ્વારા ઉંજન, ઘટ્ટન, ભેદ, ઉજવાલન, પ્રજવાલન કે નિર્વાપન કરાવે નહિ, તથા એ (ઉંજનાદિ વિરાધના) કરતા બીજા કોઈને અનુમોદે નહિ (માટે) હું પણ જીવું ત્યાં સુધી, ત્રિવિધ ત્રિવિધથી (અર્થાત્) મનથી વચનથી કાયાથી, તેવું કરું નહિ, કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (પૂર્વે કરેલા) તે પાપને હું પ્રતિક્રમું છું, નિન્દું છું, ગર્હું છું અને મારા તે પાપી આત્માને વોસિરાવું છું-૩. (સૂ. ૧૨)

આ સૂત્રના કૌંસમાં મૂકેલા સૂત્રો હારિ૦ ટીકામાં, દીપિકામાં તથા બીજા કેટલાક મૂળ

ગ્રન્થોમાં પણ નથી. ૧૨.

વાયુકાયની જયણાનો વિધિ કહે છે-

से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से सिएण वा, विहुयणेण वा, तालिअंटेण वा, पत्तेण वा, पत्तभंगेण वा, साहाए वा, साहाभंगेण वा, पिहुणेण वा, पिहुणहत्थेण वा, चेलेण वा, चेलकण्णेण वा, हत्थेण वा, मुहेण वा, अप्पणो वा कायं, बाहिरं वा वि पुग्गलं, न फुमेज्जा न वीएज्जा, अन्नं न फुमाविज्जा न फीआविज्जा, अन्नं फुमंतं वा वा वीयंतं वा न समणुजाणामि, जावज्जीवाए तिविहं-तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्न न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ४ ॥ सू० १३ ॥

સંયત, વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાત-પાપકર્મા, એવો તે ભિક્ષુ કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે, એકાકી કે પર્ષદામાં રહેલો ઊંઘતો કે જાગતો, सिएण = ચામર વડે, विहुयणेण = વીંજણા વડે,

तालिअंटेण = તાલવૃન્ત (મધ્યમાં છિદ્ર સહિત બે પડોવાળા પંખા) વડે, पत्तेण = (પદ્મિની વગેરેના) પાંદડા વડે, पत्तभंगेण = પાંદડાના કકડા વડે, साहाए = (વૃક્ષની) શાખા વડે, साहाभंगेण = શાખાના કકડા વડે, पिहुणेण = (મયૂરાદિના) પીંછા વડે, पिहुणहत्थेण = પીંછાના સમૂહ વડે, चेलेण = વસ્ત્ર વડે, चेलकण्णेण = વસ્ત્રના છેડા વડે, हत्थेण = હાથ વડે, मुहेण = મુખ વડે, એવા કોઈ સાધન વડે अप्पणो वा कायं = પોતાના શરીરને કે बाहिरं वा वि पुग्गलं = બહારના કોઈ પદાર્થને પણ न फुमेज्जा = ફૂંકે નહિ, કે न वीएज्जा = વીંઝે નહિ (ચામરાદિ દ્વારા પવન નાખે નહિ), એ રીતે अन्नं = બીજા દ્વારા ફૂંકાવે નહિ કે વીંઝાવે નહિ. તથા બીજા ફૂંકતાને કે વીંઝતાને સારો માને નહિ, (માટે) હે ભગવંત ! હું પણ જીવતાં સુધી ત્રિવિધ ત્રિવિધથી (એટલે) મનથી વચનથી અને કાયાથી એમ કરું નહિ, ઈત્યાદિ શેષ અર્થ ઉપર પ્રમાણે-૪. (સૂ. ૧૩)

વનસ્પતિકાયની જયણાનો વિધિ કહે છે-

से भिक्खू वा भिक्खुणी वी संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, से वीएसु वा, बीयपइट्ठेसु वा, रूढेसु वा, रूढपइट्ठेसु वा, जायेसु वा, जायपइट्‌ठेसु वा, रूढेसु वा, रूढपइट्ठेसु वा, जायेसु वा, जायपइट्‌ठेसु वा, हरिएसु वा, हरियपइट्ठेसु वा, छिन्नेसु वा, छिन्नपइट्‌ठेसु वा, सचित्तेसु वा, सचित्तकोलपडिनिस्सिएसु वा, न गच्छेज्जा न चिट्‌ठेज्जा न निसीएज्जा न तुअट्टेज्जा, अन्नं न गच्छावेज्जा न चिट्ठावेज्जा न निसीआवेज्जा न तुअट्टावेज्जा, अन्नं गच्छंतं वा चिट्ठंतं वा निसीयंतं वा तुअट्टंतं वा न समणुजाणामि, जावज्जीवाए, तिविहं-तिविहेणं, मणेणं, वायाए, काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्सं भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ५ ॥ सू० १४ ॥

સંયત, વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાત પાપકર્મા એવો તે ભિક્ષુક કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે, એકાકી કે પર્ષદામાં રહેલો, ઊંઘતો કે જાગતો, સચિત્ત बीएसु = બીજો ઉપર (અનાજના

કણ વગેરે સચિત્ત ઉપર) કે बीयपइट्ठेसु = બીજોના ઢગલા ઉપર મૂકેલી (શયનાદિ સચિત્ત અચિત્ત કોઈ) વસ્તુઓ ઉપર, (એમ સર્વ પદોમાં पइट्ठेसु નો અર્થ ઉપર મૂકેલી વસ્તુઓ કરવો.) रूढेसु = તુર્ત ઊગેલા અંકુરાઓ ઉપર, કે તેવા અંકુરા ઉપર મૂકેલી કોઈ વસ્તુઓ ઉપર, जायेसु = (ધાન્યાદિના) છોડવાઓ ઉપર, કે તેવા છોડવાઓ ઉપરની કોઈ વસ્તુઓ ઉપર, हरिएसु = દુર્વા (ધ્રો) વગેરે લીલા ઘાસની ઉપર, કે તેના ઉપર રહેલા કોઈ આસનાદિ સચિત્ત અચિત્ત પદાર્થ ઉપર छिन्नेसु = (વૃક્ષાદિની) કપાએલી શાખા-પત્ર-પુષ્પો કે ફળાદિ ઉપર, કે તેના આધારે મૂકેલી અન્ય કોઈ આસનાદિ વસ્તુ ઉપર, सचित्तेसु = સજીવ (ઈંડાં વગેરેના) ઉપર કે सचित्तकोलपडिनिस्सिएसु = (લાકડામાં થતા) ઘુણ નામના કીડા વગેરે જીવો જેમાં આશ્રય કરીને રહેલા (ઉપજેલા) હોય તેવા કાષ્ઠાદિ ઉપર, એવી કોઈ વસ્તુ ઉપર न गच्छेज्जा = ચાલે નહિ, न चिट्ठेज्जा = ઊભો રહે નહિ, न निसीएज्जा = બેસે

નહિ અને न तुअट्टेज्जा = સુવે પણ નહિ. એ રીતે બીજાને ચલાવે, ઊભો રાખે, બેસાડે કે સુવાડે નહિ, અને બીજો કોઈ ચાલે, ઊભો રહે, બેસે કે સુવે, તેને સારો માને નહિ. (એમ કહેલું હોવાથી) હું પણ જીવતાં સુધી, ત્રિવિધ-ત્રિવિધથી, (એટલે) મનથી, વચનથી અને કાયાથી - એવું કરું નહિ; કરાવું નહિ અને બીજા કરનારને સારો માનું નહિ. હે ભગવંત ! (પૂર્વે કરેલા) તે પાપને પ્રતિક્રમું છું. ઈત્યાદિ અર્થ ઉપર કહ્યા પ્રમાણે-૫. (સૂ. ૧૪)

હવે ત્રસકાયની જયણાનો ઉપાય કહે છે-

**से भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से कीडे वा, पयंगं वा, कुंथुं वा, पिपीलियं वा, हत्थंसि वा, पायंसि वा, बाहुंसि वा, उरुंसि वा, उदरंसि वा, सीसंसि वा, वत्थंसि वा, पडिग्गहंसि वा, कंबलंसि वा, पायपुंछणंसि वा, रयहरणंसि वा, गोच्छगंसि वा, उंडगंसि वा, दंडगंसि वा, पीढगंसि वा, फलगंसि वा, सेज्जंसि वा, संथारगंसि वा, अन्नयरंसि वा, तहप्पगारे उवगरणजाए, तओ**

**संजयामेव पडिलेहिय पडिलेहिय, पमज्जिय, एगंतमवणेज्जा, नो णं संथायमावज्जेज्जा ॥ ६ ॥ सू० १५ ॥**

સંયત, વિરત અને પ્રતિહત-પ્રત્યાખ્યાત-પાપકર્મા એવો તે ભિક્ષુક કે ભિક્ષુણી, દિવસે કે રાત્રે, એકલો કે પર્ષદામાં રહેલો, ઊંઘતો કે જાગતો, कीडं = કોઈ કીડાને, पयंगं = પતંગિયાને, कुंथुं = કુંથુઆને કે पिपीलियं = કીડીને, (અહીં ઉપલક્ષણથી કીડાની સાથે બેઈન્દ્રિય જાતિના સર્વ ત્રસ જીવો, પતંગિયાની સાથે સર્વ ચઉરિન્દ્રિય જીવો, અને કુંથુઆ-કીડીની સાથે સર્વ તેઈન્દ્રિય જીવો પણ સમજી લેવા.) તે કોઈપણ ત્રસ જીવો हत्थंसि = હાથ ઉપર, पायंसि = પગ ઉપર, बाहुंसि = ભુજા ઉપર, ऊरूंसि = સાથળ ઉપર, उदरंसि = પેટ ઉપર, सीसंसि = માથા ઉપર, वत्थंसि = વસ્ત્ર ઉપર पडिग्गहंसि = કોઈ પાત્રની ઉપર, कंबलंसि = કાંબળ ઉપર पायपुंछणंसि = દંડાસણ ઉપર, (અથવા ઓધારીયા ઉપર) रयहरणंसि = રજોહરણ (ઓઘા) ઉપર, गोच्छगंसि =

(પાત્રાસ્થાપન) ગુચ્છા ઉપર, उंडगंसि = કુંડી ઉપર કે સ્થંડિલમાં (જીવ વિનાની શુદ્ધ ભૂમિમાં) दंडगंसि = દાંડા ઉપર पीढगंसि = પીઠ (પાટલા) ઉપર, फलगंसि = પાટિયા ઉપર, सेज्जंसि = શય્યામાં (ઉપાશ્રયમાં અથવા સાડા ત્રણ હાથ સંસ્તારકમાં) અથવા अन्नयरंसि = અન્ય કોઈ तहप्पगारे = તેવા પ્રકારના उवगरणजाए = (સંયમમાં ઉપકારી) ઉપકરણો ઉપર (ચઢ્યા હોય તેને) तओ = ત્યાંથી संजयामेव = સમ્યગ્ યતનાપૂર્વક (એટલે એકાન્તે, અનુપદ્રવ સ્થળે, પરસ્પર પીડાય નહિ, ત્રાસ પામે નહિ, કિલામણા થાય નહિ, એ રીતે) પુનઃ પુનઃ પ્રતિલેખનપૂર્વક એકાન્ત સ્થળે મૂકે, પણ તેનો સંઘાત (ઢગલો) ન કરે. (અહીં ઉપલક્ષણથી બીજા પાસે પણ તેવી અજયણા કરાવે નહિ. બીજો કરે તેને સારો માને નહિ) વગેરે પણ પાઠ સમજી લેવો, તથા 'તેને હું જીવતાં સુધી ત્રિવિધ-ત્રિવિધેન વગેરે સઘળો પાઠ પણ ઉપરના સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજી લેવો. ૬. (સૂત્ર ૧૫).

આ દરેક સૂત્રોથી શિષ્ય પ્રતિજ્ઞા કરે છે, તેનું કારણ એ છે કે પ્રતિજ્ઞા કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે આવશ્યક અને આદરણીય તત્ત્વ છે. દઢ સંકલ્પ વિના સાધ્યની સિદ્ધિ થતી નથી. સંકલ્પનું બળ પ્રતિજ્ઞાથી સહજ પ્રગટે છે. લૌકિક વ્યવહારો પણ પ્રતિજ્ઞા ઉપર ચાલે છે, તો લોકોત્તર માટે પૂછવું જ શું ?

પ્રતિજ્ઞા સાધકની એક સહચરી છે. કોઈપણ નિશ્ચયનો પ્રાણ કે તેના વિકાસની ભૂમિકા પ્રતિજ્ઞા છે. ઉન્માર્ગે જતા મનને બાંધવા માટે પ્રતિજ્ઞા વજ્રની સાંકળ તુલ્ય છે. નટ દોર ઉપર લક્ષ્ય રાખી પગલાં ભરવાથી પડતો નથી, તેમ સાધક પ્રતિજ્ઞાના લક્ષ્યમાં જાગ્રત હોય તો ગમે તેવાં આશા, તૃષ્ણા, ઈચ્છા કે મોહનાં તોફાનો તેને નડતાં નથી, બધાં નિર્બળ બની જાય છે અને પોતે જીવનના અંત સુધી સ્વીકારેલા માર્ગે આગળ વધી શકે છે. પ્રતિજ્ઞાનો ભય કાર્ય પ્રત્યે અનાદરનો કે પોતાની નિઃસત્ત્વતાનો સૂચક છે.

એમ છતાં પ્રતિજ્ઞા પાલન થાય તેવી હોવી જોઈએ. શું ઉપર કહી તેવી અહિંસા પાળવી શક્ય છે ?

એવો પ્રશ્ન થાય અને વિચારકને થવો પણ જોઈએ. એનો ઉત્તર એ છે કે - જાગરુક આત્માને કંઈ અસાધ્ય નથી. સાધુજીવન એટલે જાગરુક જીવન. પ્રત્યેક પળે, પ્રત્યેક કાર્યોમાં સાવધતા એ સાધુજીવન છે.

મનુષ્યને લાગણી અને દુઃખ થાય છે તેવું દુઃખ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવને પણ બીજા તરફથી અયતના-પીડા થતા થાય છે અને 'પૃથ્વીકાય આદિ જીવો તો અલ્પમાત્ર પીડા-તાપ-ઠંડી-ઠોકર-સ્પર્શ કે એવા કોઈ નિમિત્તથી તુર્ત મરી જાય છે' એ વાત શ્રદ્ધાગત થઈ જાંય અને 'એનાથી બંધાતાં કર્મોનું કારમું ફળ જીવને ભોગવવું પડે છે' એ સમજાઈ જાય, તો સર્પોના જંગલમાં નિદ્રા આવે નહિ, કે કાંટાવાળી ભૂમિમાં ચાલતાં ઉપયોગ ચુકાય નહિ, તેમ કોઈ પણ કાર્યમાં અનુપયોગ થાય નહિ.

શ્રદ્ધાળુ અને જાગરુક મુનિને આ પ્રતિજ્ઞાઓનું પાલન અશક્ય નથી, કઠિન જરૂર છે. તેથી તો સાધુના વ્રતોને મહાવ્રતો કહ્યાં છે. ગૃહસ્થો ન કરી શકે તેવું દુષ્કર કાર્ય કરવાની પ્રતિજ્ઞા અને પાલન

કરવાથી જ સદૈવ ત્યાગીઓ પૂજનીય-વંદનીય મનાયા છે. સ્થાન જેટલું ઊંચું તેટલી જવાબદારી પણ મોટી જ હોય. તેના પાલન માટે જાગ્રત રહેવું એ સાધુનો ધર્મ છે. ઈત્યાદિ 'पढमे भंते महव्वए' વગેરે અહીં સુધી કહેલાં પ્રત્યેક સૂત્રો સાધુજીવનની શ્રેષ્ઠતા સાથે ગહનતાને સૂચવનારાં તથા તેના પાલનનો માર્ગ બતાવનારાં છે. ૧૫.

**ચોથો અધિકાર પૂર્ણ થયો, પાંચમામાં ઉપદેશ કરે છે કે-**

**(३२) अजयं चरमाणो उ (य), पाणभूयाइं हिंसइ ।**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥ ४-१ ॥**

अजयं = અયતનાપૂર્વક (જિનાજ્ઞા-ગુર્વાજ્ઞા વિરુદ્ધ) चरमाणा = ચાલતો સાધુ पाण = (બેઈન્દ્રિય વગેરે) ત્રસને અને भूयाइं = (એકેન્દ્રિય પૃથ્વીકાયાદિ) સ્થાવર જીવોને હણે છે, તેનાથી પાપ (દુષ્ટ જ્ઞાનાવરણીયાદિ) કર્મને બાંધે છે અને तं = તે કર્મ से = તેને कडुयं फलं = કટુફળને (અતિ આકરાં દુઃખોને) આપનારું થાય છે. (૪-૧)

'चरमाणो'नो अर्थ निश्चयथी 'तप-जप-ज्ञान-ध्यानादि' प्रवृत्ति करतो अर्थात् चारित्र पाळतो, एम पण थाय. १

(३३) अजयं चिट्ठमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं सं होइ कडुय फलं ॥ ४-२ ॥

(३४) अजयं आसमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥ ४-३ ॥

(३५) अजयं सयमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फल ॥ ४-४ ॥

(३६) अजयं भुंजमाणो उ, पाणभूयाइ हिंसइ ।
बंधई पावयं, कम्मं तं से होइ कडुयं फलं ॥ ४-५ ॥

(३७) अजयं भासमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बंधई पावयं कम्मं, तं सं होइ कडुयं फलं ॥ ४-६ ॥

દરેક ગાથાઓનો અર્થ પહેલી ગાથાના પ્રમાણે છે, માત્ર બીજીમાં चिट्ठमाणो = ઊભો રહેતો, ત્રીજીમાં आसमाणो = બેસતો, ચોથીમાં सयमाणो = શયન કરતો, પાંચમીમાં भुंजाणा = ભોજન કરતો અને છઠ્ઠીમાં भासमाणो = ભાષણ

કરતો બોલતો એમ સમજવું. પાંચે ગાથાનો સળંગ અર્થ અયતનાથી ઊભો રહેતો, બેસતો, શયન કરતો, ભોજન કરતો કે બોલતો સાધુ પ્રાણ-ભૂતોની (ત્રસ-સ્થાવર જીવોની) હિંસા કરે છે, તેનાથી પાપકર્મ બાંધે છે અને તે તેને કટુ ફળ (દુઃખો) આપનારું થાય છે. (૨ થી ૬)

અહીં ચાલવામાં ઈર્યાસમિતિ નહિ પાળવી, ઊભા રહેવામાં હાથ-પગ જેમ તેમ રાખવા, જ્યાં ત્યાં બેસવું, અપ્રમાર્જિત ભૂમિ ઉપર બેસવું, પૂજ્યભાવોની અશાતના થાય તેમ પીઠાદિ કરીને બેસવું વગેરે, શયને કરવામાં-ઘણા વખત સુધી, વારંવાર કે અકાળે સુઈ રહેવું, સંથારો પાથરી રાખવો વગેરે, ભોજનમાં-વિના કારણે કે કારણે પણ માદક આહાર લેવો, સાદો આહાર પણ કાગ-શિયાળની જેમ અવિધિએ વાપરવો વગેરે અને બોલવામાં ગૃહસ્થની ભાષામાં, નિષ્ઠુર કઠોર શબ્દોમાં, કે ગુરુની વાતમાં વચ્ચે બોલવું, વગેરે તે તે વિષયમાં અયતના સમજવી. ૨ થી ૬.

એ સાંભળીને શિષ્ય પૂછે છે અને ગુરુ કહે છે કે-

( ૩૮ ) कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए ।
कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥ ૪-૭ ॥

कह = કેવી રીતે ચાલે, કેવી રીતે ઊભો રહે, કેવી રીતે બેસે, કેવી રીતે શયન કરે, કેવી રીતે ભોજન કરે અને કેવી રીતે બોલે, તો પાપકર્મ ન બાંધે ? (૭)

( ૩૯ ) जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥ ૪-૮ ॥

जयं = યતનાથી ચાલે, યતનાથી ઊભો રહે, યતનાથી બેસે, યતનાથી શયન કરે, યતનાથી ભોજન કરે તથા યતનાથી બોલે, તો પાપકર્મ બાંધે નહિ. (૮)

ઉપર કહી તે અયતનાને ટાળીને ઈર્યાસમિતિપૂર્વક ચાલવાથી, હાથ-પગ વગેરે લાંબા-પહોળા કર્યા વિના શાન્ત સભ્યતાથી ઊભા રહેવાથી, ઉચિત પ્રમાર્જેલી ભૂમિ ઉપર ઉપયોગપૂર્વક અંગોપાંગ પૂંજી પ્રમાર્જિને બેસવાથી, રાત્રે મર્યાદિત સમય સુધી-સમાધિપૂર્વક-શયન કરવાથી, કારણે કલ્પ્ય

નિર્દોષ પ્રમાણોપેત-પથ્ય આહારનું 'સિંહભક્ષિત-પ્રતરભક્ષિત' આદિ વિધિપૂર્વક ભોજન કરવાથી અને કોમળ શબ્દોમાં હિતકર-અવસરોચિત વચન સાધુની ભાષામાં બોલવાથી તે તે વિષયમાં યતના થાય છે. યતના કરવાથી આશ્રવનો રોધ અને સાધુઆચારનું પાલન થવાથી પાપકર્મ બંધાતું નથી. ૮.

(૪૦) **सव्भूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।**
**पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधइ ॥ ४-९ ॥**

सव्वभूय = સર્વ જીવોને अप्पभूयस्स = આત્મતુલ્ય (મારી જેમ સર્વ સુખના અર્થી, દુ:ખના દ્વેષી છે, એમ) સમજતા અર્થાત્ भूयाइं = સર્વ જીવોને सम्मं = સમ્યગ્-જિનકથિત વિધિએ पासओ = જોતા, पिहियासवस्स = (હિંસાદિ) આશ્રવોને જેણે રોક્યા છે (અને એ માટે) दंतस्स = મન અને ઈન્દ્રિયોનો જય કર્યો છે, તેવા સાધુને પાપકર્મ બંધાતું નથી. (૯)

ધર્મનું બીજ મૈત્રી આદિ ભાવોમાં છે, સર્વ સુખી થાઓ ! કોઈ દુ:ખી ન થાઓ ! ઈત્યાદિ

ભાવનાનેને મૈત્રીભાવના કહી છે. તે ભાવના વિના અશુભ કર્મબંધ અટકતો નથી. માટે અહીં મૈત્રીભાવનાનું વિધાન કર્યું છે. નિશ્ચયનયે સર્વ જીવોને સમાન દષ્ટિથી જોવા, આત્મતુલ્ય માનવા, આશ્રવોનો રોધ કરવો અને ઈન્દ્રિયોનું દમન કરવું, એ ચારે આત્મવિકાસનાં પ્રાથમિક સાધનો છે. એના અભાવે આકરાં પણ તપ-જપ વગેરે અનુષ્ઠાનો કરવા છતાં ગુણોનું પ્રકટીકરણ થતું નથી. ૯.

**હવે સર્વ ક્રિયામાં જ્ઞાનની મુખ્યતા કહે છે-**

**(૪૧) पढमं नाणं तओ दया, एवं चिट्ठई सव्वसंजए ।**
**अन्नाणी किं काही ?, किं वा नाहीइ छेअ-पावगं**
**॥ ४-१० ॥**

પ્રથમ જ્ઞાન અને પછી દયા(સંયમ), એ રીતે सव्वसंजए = સર્વ કાર્યોમાં સંયત (સંયમી) રહી શકે, (અંધતુલ્ય) અજ્ઞાની શું કરશે ? અથવા छेअ = હિત (પુણ્યને) पावगं = અહિતને (પાપને) किं नाहीइ = શું જાણશે ? (૧૦)

અહીં જ્ઞાન એટલે જીવોનું (દ્રવ્ય ગુણ

પર્યાયથી) સ્વરૂપ, તેની રક્ષાના ઉપાયો અને તેનું ફળ વગેરે વિષયોનું જાણપણું તથા દયા એટલે સંયમના સર્વ અનુષ્ઠાનો સમજવાં. આત્મસ્વરૂપને એ રીતે જાણ્યા વિના કે એવા જ્ઞાનીની નિશ્રા મેળવ્યા વિના સ્વકલ્પનાનુસાર કરેલું અનુષ્ઠાન દેખીતું શુભ હોય તો પણ સાધ્યશૂન્ય હોવાથી નિષ્ફળ થાય છે, અર્થાત્ કરવા છતાં તે વસ્તુતઃ નહિ કરવા તુલ્ય બને છે. અજ્ઞાની પણ જ્ઞાનીની આજ્ઞાનુસાર વર્તે તો 'માસતુષ' મુનિની જેમ કર્મોને કાપી શકે છે.

વર્તમાનમાં તો ગુરુઆજ્ઞાનું પ્રાધાન્ય સવિશેષ સમજવું આવશ્યક છે. ગુરુઆજ્ઞાને આધીન થતાં મનની દોડધામ અટકે છે, ઈચ્છાઓનો રોધ થાય છે, વિનય થાય છે, એમ આજ્ઞાપાલનથી વિવિધ લાભો થાય છે. એ વિના સ્વમતિઅનુસાર વર્તવામાં વસ્તુતઃ મનની જ સેવા થતી હોય છે અને પરિણામે દોષનો પક્ષ, ગુણોનો દ્વેષ, ઉત્સૂત્ર વચન, આદિ વિવિધ દોષો પ્રગટે છે. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાનીઓનો અભાવ છે,તો પણ 'સંજમ ખપ કરતા

મુનિ નમીએ દેશકાળ અનુમાને રે ભવિકા૦' એ ઉપા૦ **શ્રી યશોવિજયજીના** વચન પ્રમાણે દેશ-કાળાદિને અનુસરી સંયમમાં ખપી હોય તેને ઉત્તમ ગુરુ સમજી તેઓની આજ્ઞાના પાલનથી આરાધક થવું હિતકર છે.

એકલા જ્ઞાનને પાંગળું અને જ્ઞાન વિનાની ક્રિયાને નિષ્ફળ કહી છે, કહ્યું છે કે 'ज्ञानस्य फलं विरतिः ।' અર્થાત્ ત્યાગ-વૈરાગ્ય વિનાનું જ્ઞાન ફળરહિત-વંધ્યાતુલ્ય છે અને કેવળ ક્રિયાનો પક્ષ અંધની ક્રિયા તુલ્ય અહિતકર છે, વગેરે આ વિષયમાં નિશ્ચય-વ્યવહારનયથી ઉત્સર્ગ-અપવાદો ઘણા છે, માટે આત્મસાક્ષીએ ઋજુભાવે બહિરાત્મદશા ટળે અને અંતરાત્મદશા પ્રગટે તે માર્ગે ચાલવું હિતકર છે. ૧૦.

**જ્ઞાનનું પ્રયોજન જણાવે છે કે-**

**(૪૨) सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
**उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे**
**॥ ४-११ ॥**

(શ્રાવક જિનવચન) सोच्चा = સાંભળવાથી

कल्लाणं = સંયમને જાણે છે અને સાંભળવાથી पावगं = પાપને (અસંયમને) પણ જાણે છે. ઉભયને પણ સાંભળવાથી જાણે છે, (એમ જાણ્યા પછી દેશકાલાદિને અનુસરીને તેમાં) जं सेयं = જે (જેટલું) શ્રેય: હોય, તે (તેટલું) આચરી શકે છે. (૧૧)

(४३) जो जीवे वि न याणेइ, अजीवे वि न याणइ ।
जीवाजीवे अयाणंतो, कहं सो नाहीइ संजमं ॥ ४-१२ ॥

(४४) जो जीवे वि वियाणेइ, अजीवे वि वियाणइ ।
जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥ ४-१३ ॥

જે પૃથ્વીકાયાદિ ભિન્ન ભિન્ન પ્રકારના જીવોને પણ જાણતો નથી, અને સંયમમાં બાધાકારક સુરાપાન કે સુવર્ણાદિ અજીવોને પણ જાણતો નથી, જીવ-અજીવને નહિ જાણતો सो = તે સંયમને कहं = કેમ नाहीइ = જાણી શકશે? (૧૨) જે સર્વ પ્રકારના જીવોને પણ (સર્વ પ્રકારે) જાણે છે, અને સંયમમાં ઉપકારી-અપકારી અજીવોને પણ જાણે છે. તે જીવાજીવને જાણતો हु = નિશ્ચે સંયમને જાણી શકશે. (૧૩)

જ્ઞાન પ્રાણતુલ્ય અને ક્રિયા શરીરતુલ્ય છે,

બન્નેનું મહત્ત્વ સ્વ-સ્વ અપેક્ષાએ વિશિષ્ટ હોવા છતાં જ્ઞાનનું મહત્ત્વ વિશેષ છે, એ જણાવીને અહીં ક્રિયાના રાગીને પણ ક્રિયા સફળ બનાવવા જ્ઞાનની સવિશેષ આવશ્યકતા જણાવી છે. એટલું જ નહિ શ્રાવકધર્મના પાલન માટે પણ જ્ઞાન આવશ્યક છે, એ વિના કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક થઈ શકતો નથી અને સંયમનો પક્ષ થતો નથી, એમ કહ્યું છે. ૧૩.

**પાંચમો અધિકાર કહી હવે છટ્ઠામાં જ્ઞાન-ક્રિયા ઉભયના યોગથી ક્રમશઃ આત્મવિકાસ કેવો થાય તે કહે છે-**

(૪૫) **जया जीवमजीवे य, दो वि एए वियाणइ ।**
**तया गई बहुविहं, सव्वजीवाण जाणइ ॥ ४-१४ ॥**

આત્મા जया = જ્યારે જીવન અને અજીવને, એ બન્નેને જાણે છે, तया = ત્યારે સર્વજીવોની ઘણા પ્રકારની (નરકાદિ શુભાશુભ) ગતિને જાણે છે. (૧૪)

દ્રવ્ય ગુણ પર્યાયથી જીવ અજીવ પદાર્થનું ત્રૈકાલિક જ્ઞાન થવાથી જ આત્મા, તેને બંધાતાં કર્મો, તેના શુભાશુભ ફળો, ઈત્યાદિ સર્વ જાણી શકાય છે. કોઈપણ પદાર્થનું જ્ઞાન તેના દ્રવ્ય ગુણ

અને પર્યાયના જ્ઞાન વિના અધુરું જ રહે છે. જિનવચનો છદ્મસ્થ જીવો માટે ઉપકારક એ માટે છે કે તે પૂર્ણ જ્ઞાન પ્રગટ્યા પછી બોલાએલાં છે. છદ્મસ્થનું જ્ઞાન ગમે તેટલું પણ સાગર સામે બિન્દુ તુલ્ય અને રાગાદિ દોષયુક્ત હોવાથી જિનવચન વિનાનાં બીજાં ગમે તેવાં સાધનોથી પણ પૂર્ણ અને નિર્દોષ જ્ઞાન થવું શક્ય જ નથી. એ કારણે જિનેશ્વરો જેટલો કે તેથી પણ વધારે ઉપકાર શ્રી જિનવચનનો છે, એમ સમજવાનું છે.

(४६) जया गइं बहुविहं, सव्वजीवाण जाणइ ।
तया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ॥ ४-१५ ॥

જયારે સર્વજીવોની બહુ પ્રકારની ગતિને (ભૂત-ભાવિ અવસ્થાઓને) જાણે છે, ત્યારે તેના કારણભૂત પુણ્યને, પાપને અને એ પુણ્યપાપરૂપ કર્મોના બંધને તથા મોક્ષને પણ જાણે છે. (૧૫)

(४७) जया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ।
तया निव्विदए भोए, जे दिव्वे जे अ माणुसे
॥ ४-१६ ॥

જ્યારે પુણ્યને અને પાપને જાણે છે અને એના બંધને તથા મોક્ષને જાણે છે, ત્યારે જ જે દેવસંબંધી અને મનુષ્યસંબંધી ભોગો (પાંચે ઈન્દ્રિયોના વિષયો) છે, તેના પ્રત્યે निव्विदए = નિર્વેદ (અનાદર) કરે છે. (૧૬)

અહીં બે ગતિના ભોગોનો નિર્વેદ કહ્યો, તેમાં એ કારણ છે કે બાકીની ગતિમાં ભોગો વસ્તુતઃ સુખરૂપ નથી, દુઃખરૂપ છે. ૧૬.

(૪૮) जया निविंदए भोए, जे दिव्वे जे अ माणुसे ।
तया चयइ संजोगं, सब्भितरं बाहिरं ॥ ४-१७ ॥

જ્યારે દેવના અને મનુષ્યના ભોગો પ્રત્યે નિર્વેદ થાય ત્યારે सब्भितरं = અભ્યંતર (કષાયાદિના) અને बाहिरं = બાહ્ય (ધન-ધાન્યાદિના) સંયોગને (સંબંધને) તજે છે. (૧૭)

(૪૯) जया चयइ संजोगं, सब्भितरं बाहिरं ।
तया मुंडे भवित्ता णं, पव्वइए अणगारिअं ॥ ४-१८ ॥

જ્યારે અભ્યંતર અને બાહ્ય સંયોગોને તજે છે, ત્યારે मुंडे भवित्ता = મુંડ થઈને अणगारियं =

અનગારિતાને (મુમુક્ષુપણાને-સાધુજીવનને) पव्वइए = સ્વીકારે છે. (૧૮)

(५०) जया मुंडे भवत्ता णं, पव्वइए अणगारिअं ।
तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥ ४-१९ ॥

જ્યારે મુંડ થઈને અનગારિતાને (સાધુતાને) સ્વીકારે છે, ત્યારે उक्किट्ठं = ઉત્કૃષ્ટ (સર્વથા પ્રાણાતિપાત વિરમણાદિ) संवरं = સંવર (ચારિત્ર) રૂપ अणुत्तरं धम्मं = અનુત્તર ધર્મને फासे = સ્પર્શે છે (નિરતિચાર પાલન કરે છે.) (૧૯)

(५१) जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ॥ ४-२० ॥

જ્યારે સર્વથા પ્રાણાતિપાત વિરમણાદિ ઉત્કૃષ્ટ સંવર (ચારિત્ર)રૂપ અનુત્તરધર્મને સ્પર્શે છે, ત્યારે अबोहिकलुसं = અબોધિ (મિથ્યાત્વ) રૂપ કલુષથી (ક્લેશથી) कडं = કરેલી (બાંધેલી) कम्मरयं = કર્મરૂપરજને धुणइ = ખંખેરે છે (આત્મ પ્રદેશોથી દૂર કરે છે.) (૨૦)

(५२) **जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।**
**तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥ ४-२१ ॥**

જ્યારે અબોધિથી બાંધેલી કર્મરજને દૂર કરે છે, ત્યારે **सव्वत्तगं** = સર્વકાળના સર્વ પદાર્થોને જણાવનારા જ્ઞાનને અને દર્શનને **अभिगच्छइ** = પામે છે (પ્રગટ કરે છે.) (૨૧)

(५३) **जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ।**
**तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥ ४-२२ ॥**

જ્યારે સર્વ વસ્તુવિષયનું જ્ઞાન અને દર્શન પામે (પ્રગટ થાય) છે, ત્યારે **जिणो** = (રાગદ્વેષાદિનો સર્વથા જય કરનાર) જિન અને **केवली** = કેવલી (સમ્પૂર્ણ જ્ઞાન-દર્શનનો ધારક) તે **लोगं** = લોકને (ચૌદરાજ પ્રમાણ લોકમાં રહેલા સર્વ ભાવોને) અને **अलोगं** = અનંત અલોકને જાણે છે. (૨૨)

(५४) **जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।**
**तया जोगे निरुंभित्ता, सेलसिं पडिवज्जइ ॥ ४-२३ ॥**

જ્યારે જિન અને કેવળી એવો તે લોકને અને અલોકને જાણે છે, ત્યારે (છેલ્લા અંતમુહૂર્તમાં) મન-

વચન-કાયારૂપ સૂક્ષ્મ બાદર સર્વ जोगे = યોગોને निरुंभित्ता = રોકીને (વ્યાપાર તજીને) सेलेसिं = શૈલેષીને (આત્મપ્રદેશોની મેરુપર્વત જેવી નિશ્ચળ અવસ્થાને) पडिवज्जइ = પ્રાપ્ત કરે છે. (૨૩)

(૫૫) **जया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ।**
**तया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ**
**॥ ४-२४ ॥**

જ્યારે યોગોને રોકીને શૈલેષી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વકર્મોનો ક્ષય કરીને नीरओ = કર્મરજરહિત થએઓલ આત્મા સિદ્ધિને (સિદ્ધશિલારૂપ સ્થાનને) પામે છે. (૨૪)

(૫૬) **जया कम्मं खवित्ता णं, सिद्धिं गच्छइ नीरओ ।**
**तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥ ४-२५ ॥**

જ્યારે સર્વકર્મોને ખપાવીને રજરહિત તે સિદ્ધિને પામે છે, ત્યારે लोगमत्थयत्थो = ત્રણ લોકના મસ્તકે રહેલો (કર્મરૂપ બીજના અભાવે પુનઃ સંસારમાં ઉત્પન્ન નહિ થવારૂપ) सासओ = શાશ્વત सिद्धो हवइ = સિદ્ધ થાય છે. (૨૫)

ઉપરની ગાથાઓમાં જિનેશ્વરોએ કહેલા સમ્યક્ જ્ઞાન-ક્રિયાને પામીને આત્મા ઉત્તરોત્તર ગુણઓના પ્રગટીકરણરૂપ ગુણશ્રેણીમાં કેવા ક્રમે ચઢે છે અને અંતિમ ધ્યેયને કેવી રીતે સિદ્ધ કરે છે, એ જણાવીને જ્ઞાન-ચારિત્રધર્મનું ઉત્તમ ફળ બતાવ્યું છે. એમાં વસ્તુતઃ વીતરાગપ્રરૂપિત ધર્મનો અનુપમ મહિમા અને અનિવાર્ય આવશ્યકતા સમજાવી છે. ૨૫.

**ધર્મનાં એ ફળો કોને દુર્લભ-સુલભ થાય તે કહે છે-**

**(૫૭) सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स ।**
**उच्छोलणापहोअस्स दुल्लहा सुगई तारिसगस्स ॥ ४-२६ ॥**

सुहसायगस्स (પૌદ્ગલિક વિષયસુખોને ભોગવવામાં આસક્ત) સુખશીલ, सायाउलगस्स = (ભાવિ તેવાં) સુખોને મેળવવામાં, એકચિત્ત निगामसाइस्स = (જ્ઞાન-ક્રિયા પ્રત્યે અનાદર કરીને વારંવાર-ઘણું) કાયમ શયન કરનાર અને उच्छोलणापहोअस्स = વારંવાર હાથ-પગ-મુખ કે વસ્ત્રાદિ ધોવાની ટેવવાળા तारिसगस्स समणस्स = તેવા (શિથિલાચારી) શ્રમણને सुगई = दुल्लहा =

(મોક્ષપ્રાપ્તિ પર્યન્તની) સદ્ગતિ દુર્લભ છે. (૨૬)

(૫૮) **तवोगुणपहाणस्स, उज्जुमइ खंतिसंजमरयस्स ।**
**परीसहे जिणंतस्स, सुलहा सुगई तारिसगस्स ॥ ४-२७ ॥**

છટ્ઠ-અટ્ઠમ આદિ तवोगुणपहाणस्स = તપ ગુણ જેનામાં શ્રેષ્ઠ હોય, उज्जुमइ = (મોક્ષમાર્ગને પાળવામાં) સરળ બુદ્ધિવાળો હોય, खंतिसंजमरयस्स = ક્ષમાપૂર્વક સંયમમાં રક્ત અને ક્ષુધાદિ પરિષહોને જીતનાર હોય, तारिसगस्स = તેવા સાધુને ઉપર કહેલી સદ્ગતિ સુલભ છે. (૨૭)

(૫૯) **पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ।**
**जेसिं पिओ तवो संजमो य, खंती य बंभचेरं च**
**॥ ४-२८ ॥**

જેઓ पच्छा = પછી (વૃદ્ધાવસ્થામાં, અથવા ચારિત્રને વિરાધીને પાછળથી પ્રાયશ્ચિત અંગીકારકરવાથી, કે ફરીથી) पयाया = પ્રજાતા (દીક્ષિત થયા હોય, અને) जेसिं = જેઓને (તથાવિધ નિરતિચાર પાલન નહિ કરી શકવા છતાં) તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય હોય તે =

तेओ खिप्पं = शीघ्र अमरभवणाइं = દેવલોકને गच्छंति = પામે છે. (૨૮)

તથાવિધ ક્લિષ્ટ અંતરાયકર્મ આદિના ઉદયે ચારિત્ર ન લઈ શકે, લીધેલું છોડીને પુનઃ વૈરાગી બની સ્વીકારે, કે લેવા છતાં જ્ઞાન કે સંઘયણબલના અભાવે નિરતિચાર પાળી ન શકે, તો પણ જેને ચારિત્રનો પક્ષ ન તૂટે, ઉત્તમચારિત્રના મનોરથોપૂર્વક જે વિશિષ્ટ ચારિત્રવંતોનો વિનયાદિ કરે, તે માર્ગનો આરાધક હોવાથી દેવગતિને પામે છે. અર્થાત્ ચારિત્રનો પક્ષ-રાગ પણ આત્માને અતિઉપકાર કરે છે, કારણ કે તે સંસારના (મોહના) પ્રતિપક્ષરૂપ છે અને મોહનો પ્રતિપક્ષ એ સર્વ સુખપ્રાપ્તિનો પાયો છે. આ ગાથા મોટી ટીકા અને દીપિકામાં નહિ હોવાથી પ્રક્ષિપ્ત જણાય છે. ૨૮.

હવે અધ્યયનો ઉપસંહાર કરે છે-

**(६०) इच्चेअं छज्जीवणियं, सम्मद्दिट्ठी सया जए ।**
**दुलहं लहित्तु सामन्नं, कम्मुणा न विराहिज्जासि-**
**त्ति बेमि ॥ ४-२९ ॥**

सम्मद्दिट्ठी = સમ્યગ્ દૃષ્ટિ અને सया जए = સદા યતનાવાળા (સાધુ સાધ્વી) दुल्लहं सामन्नं = શ્રમણપણાને (સાધુતાને) लहित्तु = પામીને इच्चेअं छज्जीवणियं = એ રીતે (આ અધ્યયનમાં જેનું સ્વરૂપ કહ્યું તે) છ જીવનિકાયને कम्मुणा = (અકુશળ મન-વચન-કાયાથી કે પ્રમાદથી થતી કોઈ) ક્રિયા દ્વારા न विराहिज्जासि = વિરાધે નહિ, એમ હું કહું છું. (૨૯)

કાર્યાકાર્યનો અવિવેક કે વિવેક છતાં પણ પ્રમાદ કરવો, એ સર્વ દુઃખોનું મૂળ છે, અને સમ્યગ્ જ્ઞાનજન્ય વિવેકપૂર્વકનો અપ્રમાદ એ સર્વ સુખોનું મૂળ છે. માટે જ્ઞાનથી જીવનિકાયને જાણીને ક્રિયાથી તેની વિરાધના ન થાય તેમ જીવવું એ આ અધ્યયનો સાર છે. ૨૯.

**॥ સમાપ્તં ચતુર્થં ષડ્જીવનિકાય-અધ્યયનમ્ ॥**

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૧।।

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૨।।

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૩।।

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૪।।

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૫।।

# સ્થાપનાચાર્ય ૧૩ બોલથી પડિલેહણા કરવી

૧ શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ
૨ જ્ઞાનમય
૩ દર્શનમય
૪ ચારિત્રમય
૫ શુદ્ધ શ્રદ્ધામય
૬ શુદ્ધ પ્રરૂપણામય
૭ શુદ્ધ સ્પર્શનામય
૮ પંચાચાર પાળે
૯ પળાવે
૧૦ અનુમોદે
૧૧ મનગુપ્તિ
૧૨ વચનગુપ્તિ
૧૩ કાયગુપ્તિએ ગુપ્તા